પર્યાવરણ મિત્ર

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પાના નં.
૧.	સ્ટેચ્યુ ઓફ યુનિટિ : વિવાદોની આંધી	૧
૨.	ગુજરાતનું ગૌરવ એવા સિંહોની જાળવણી અનિવાર્ય	૨
૩.	ગુજરાત વિધાનસભામાં સિંહોના મૃત્યુ સંદર્ભે પૂછાયેલ પ્રશ્નો અંગેની વિગત	૩
૪.	ગ્રીન કેટાલિસ્ટ	૪
૫.	ગુજરાત વિધાનસભા પ્રશ્નોતરી	૧૦
૬.	ગાંધીજી અને પર્યાવરણ	૧૪
૭.	ગ્રીન કેટાલિસ્ટની સફર	૧૬
૮.	વિકાસની વિકરાળતા અને આદિવાસીઓની કરુણ દાસ્તાન	૧૯
૯.	મહાત્મા ગાંધી : પર્યાવરણ અને ટકાઉ વિકાસ	૨૦
૧૦.	ગંગાનો લડવૈયો ચાલ્યો ગયો....	૨૪
૧૧.	મૌસમ પરિવર્તન અને આપણે	૨૮

સ્ટેચ્યુ ઓફ યુનિટી : વિવાદોની આંધી

૩૧ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ ૧૮૨ મીટર ઉંચા સ્ટેચ્યુનું લોકાર્પણ કેવડીયા કોલોની, સરદાર સરોવર ડેમ પાસે થયું છે. પ્રથમ દ્રષ્ટિએ વિકાસલક્ષી લાગતો આ પ્રોજેક્ટ ખરેખર વિકાસલક્ષી છે ખરો ?

સરદાર સરોવરનો ઉપયોગ ત્યારે જ થઈ શકે કે જ્યારે તેનું કેનાલ નેટવર્ક પૂરું થાય. મેઈન કેનાલ થઈ ગઈ છે, પરંતુ જ્યાં સુધી વર્ટિકલ બ્રાન્ચ (ઢાળિયા) નહિ થાય ત્યાં સુધી સરદાર સરોવરનો મહત્તમ ફાયદો લઈ નહિ શકાય.

સત્તામાં આવ્યા પછી સત્તર દિવસમાં રેડીયેલ ગેટ નાંખવાનો યશ જ્યાં સુધી સંપૂર્ણ કેનાલ નેટવર્ક નહિ કરીએ ત્યાં સુધી નહિ લઈ શકાય. સરદાર સરોવર પ્રોજેક્ટ્સ સિંચાઈ માટેનો છે, તેને ટુરિઝમમાં ફેરવી ના શકાય. હજારો આદિવાસીઓએ પોતાનો ભોગ ગુજરાતની ખેતી, તરસ છીપાવવા માટે આપ્યો છે, નહિ કે તેમના આપેલા ભોગ પર વિલાસ કરવામાં આવે. સરદાર સરોવર પ્રોજેક્ટ દ્વારા ૧૭,૯૨,૦૦૦ હેક્ટર જમીનમાં સિંચાઈ થઈ શકે તેમ છે અત્યારે માત્ર ૨,૧૦,૦૦૦ હેક્ટર જમીનમાં જ સિંચાઈ થઈ શકે છે. કારણ કે કેનાલ નેટવર્ક બન્યું નથી. માઈનોર કેનાલના ૩૪૧૯.૪૮ કિલોમીટર લંબાઈમાં બાકી છે તેમજ સબ માઈનોર કેનાલના ૨૨૫૭૭.૩૫ કિલોમીટર લંબાઈમાં બાકી છે.

નર્મદા વિભાગનું બજેટ તે સિંચાઈકામો માટે ફાળવવાનું હોય પરંતુ, રાજ્ય સરકારે "સ્ટેચ્યુ ઓફ યુનિટી" માટે નર્મદાના

સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૧૮ : અંક ૨૪૫ - ૨૪૬

સંપાદન	સહયોગ	સંપાદકીય માર્ગદર્શન
મહેશ પંડ્યા	મહેશ પરમાર, મનિષા પટેલ	ફાલ્ગુની જોષી

ફક્ત ખાનગી વિતરણ અને શૈક્ષણિક હેતુ માટે જ (અનિયતકાલીન)

બજેટમાંથી ૩૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા. આમ, ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' અને તેની આસપાસ ટુરિઝમ વિકસાવવા રાજ્ય સરકારે સિંચાઈ માટે જે કેનાલો કરવાની છે તેના ભોગે ''સરદાર''ના નામનો ઉપયોગ કરીને વાહવાહી કમાવવાના કામે વાપર્યા.

''સ્ટેચ્યુ ઓફ યુનિટી''ને નામે ડેમ અને સ્ટેચ્યુની વચ્ચેના ૧૨ કિમીના વીયરમાં પાણી ભરીને સરોવર બનાવવાનો પ્રોજેક્ટ છે. ત્યાં સ્ટેચ્યુ ઓફ યુનિટિ સુધી પહોંચવા પુલ બનનાર છે. ટેન્ટ સીટી, એક્ઝીબીશન હોલ અને કન્વેન્શન સેન્ટર વગેરે પણ બનનારા છે.

અહીં એન્વાયરમેન્ટ અને ઈકોલોજીને નુકસાન થશે. અસંખ્ય વૃક્ષો આજુબાજુના વિસ્તારોમાં કપાઈ ગયા. પરંતુ, પર્યાવરણ ઉપર શું અસર પડશે તેનો કોઈ અભ્યાસ કરાયો નથી ઉપરાંત, આ સમગ્ર પ્રકલ્પનો ઈન્ટીગ્રેટેડ ફીઝીબીલીટી રિપોર્ટ કરવામાં આવ્યો નથી.

આદિવાસીઓ કુદરતી સંસાધનો પર નિર્ભર હોય છે. તેમની સંસ્કૃતિ અને જીવન નિર્વાહ પર્યાવરણ સાથે જોડાયેલા છે. તેનું જતન કરવા પેસા એક્ટ (પંચાયત એક્સટેન્શન શિડ્યુલ એક્ટ) બન્યો છે જેમાં ગ્રામ સભાને સર્વોપરી સત્તા આપવામાં આવી છે.

આ પ્રકલ્પ માટે ગ્રામસભાઓની મંજૂરી લેવામાં આવી નથી. ઉપરાંત, કેટલીક ગ્રામ પંચાયતોએ આ પ્રોજેક્ટનો વિરોધ કર્યો છે. તેમ છતાં આવા વિરોધોને અવગણીને, કાયદાનો ભંગ કરીને ''સરદાર પટેલ''ને નામે વિશ્વ પ્રસિદ્ધ ટુરિઝમ પ્લેસ ઉભી કરવામાં આવી રહી છે.

સરદાર સરોવર પાસેના પ્રોજેક્ટના ૭૨ આદિવાસી ગામોને આ પ્રોજેક્ટથી અસર થનાર છે. તેમ છતાં સોશ્યો ઈકોનોમીક ઈમ્પેક્ટ એસસમેન્ટ રિપોર્ટ પણ કર્યો નથી.

સરદાર પટેલ સાદગીમાં માનતા હતાં તેમણે રજવાડાઓની સંપત્તિઓને રાષ્ટ્રીય બનાવી. અહીં આદિવાસીઓની સંપત્તિ ટુરિઝમ વિકસાવવા સરદારને નામે લઈ લેવાઈ.

ક્લાઈમેટ ચેન્જના જમાનામાં કુદરતી પ્રકોપો વધી રહ્યા છે જેની વિપરિત અસરો કુત્રિમ પ્રકલ્પોને લીધે વધારે થાય છે, ત્યારે ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' બાબતે સઘન અભ્યાસ કર્યા પછી જ નિર્માણ કરવાની જરૂર હતી.

મહેશ પંડ્યા

ગુજરાતનું ગૌરવ એવા સિંહોની જાળવણી અનિવાર્ય

૨૩ સિંહોના મૃત્યુના સમાચાર ખૂબ જ ચર્ચામાં રહ્યા. વનમંત્રી અને વનખાતાના અધિકારીઓનાં વિરોધાભાસી નિવેદનો દ્વારા સરકારની સિંહો પ્રત્યેની ગુનાહિત બેદરકારી છતી થઈ.

પર્યાવરણમિત્રના અંક નં. ૨૩૯-૨૪૦ (માર્ચ-એપ્રિલ-૨૦૧૮)માં CAG દ્વારા સિંહોની જાળવણી મુદ્દે સરકારની ઉદાસીનતાવાળો લેખ પ્રગટ કર્યો હતો. એટલે, આ અંકમાં તેનું પુનરાવર્તન નથી કરતાં.

પરંતુ એક વાતનો ઉલ્લેખ કરવો અતિ આવશ્યક બની રહે છે. ભારતની નામદાર સર્વોચ્ચ અદાલતે સેન્ટર ફોર એન્વાયરમેન્ટ લૉ WWF-1 વિરૂદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (Writ petition (civil) No. 337 of 1995 with 1A No. 3452 in WPCC) No. 202 of 1995 નો ચૂકાદો આપ્યો છે.

૧૫ એપ્રિલ ૨૦૧૩નાં રોજ ઉપરોક્ત કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સિંહોની લાંબાગાળાની સલામતી માટે બીજા સ્થળે કુદરતી રહેઠાણ ઉભુ કરવાનો નિર્દેશ કર્યો જેનું પાલન કરવામાં સરકાર ઉદાસીન જણાય છે. હાલ જે રક્ષિત જંગલ છે તેની ક્ષમતા માત્ર ૩૫૦ સિંહોને સાચવવાની છે. જેથી રક્ષિત જંગલમાં વધારો કે ગિરના સિંહો માટે બીજા ઘરની શોધ કરવી હવે આવશ્યક જ નહિ અનિવાર્ય બની ગઈ છે.

૨૦૧૫ની સાલમાં અમરેલી જીલ્લામાં ભારે પૂર આવ્યું હતું ત્યારે સિંહોની ખુવારી થઈ હતી. અલબત્ત, વન વિભાગે તેનો સત્તાવાર આંકડો હજુ સુધી રજૂ કર્યો નથી. ક્લાઈમેટ ચેન્જના આ જમાનામાં વધારે ગરમી, વધારે ઠંડી, વરસાદ વગેરેની અનિયમિતાને લીધે સિંહો પર અને અન્ય પ્રાણીઓ પર વિપરિત અસરો જોવા મળે છે. તેનો સઘન અભ્યાસ કરીને એકશન પ્લાન ઘડી કઢાવો જોઈએ.

મહેશ પંડ્યા

ગુજરાત વિધાનસભામાં સિંહોના મૃત્યુ સંદર્ભે પૂછાયેલ પ્રશ્નો અંગેની વિગત

ચૌદમી ગુજરાત વિધાનસભા, પહેલું સત્ર,૨૦૧૮, તારાંકિત પ્રશ્નોત્તરી- ૧૯ માર્ચ,૨૦૧૮					
પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી	પ્રશ્ન	મળેલ પ્રત્યુત્તર			
શ્રી વિમલભાઈ ચુડાસમા તથા શ્રી ભીખાભાઈ જોશી તથા શ્રી હર્ષદકુમાર રીબડીયા	તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા સિંહ, સિંહબાળના મૃત્યુ થયા	વર્ષ	સિંહ	સિંહબાળ	
		૨૦૧૬	૨૪	૩૩	
		૨૦૧૭	૧૫	૩૮	
	થયેલ મૃત્યુમાં અકુદરતી રીતે કેટલા સિંહ, સિંહબાળના મૃત્યુ થયા	૨૦૧૬	3	૨	
		૨૦૧૭	૪	૬	
ચૌદમી ગુજરાત વિધાનસભા, બીજું સત્ર,૨૦૧૮, તારાંકિત પ્રશ્નોત્તરી- ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૮					
પ્રશ્ન પૂછનાર ધારાસભ્ય	પ્રશ્ન	મળેલ પ્રત્યુત્તર			
શ્રી ભગાભાઈ બારડ	તા. ૩૧-૦૭-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા સિંહ, સિંહબાળના મૃત્યુ થયા	વર્ષ	સિંહ	સિંહબાળ	
		તા. ૦૧-૦૮-૨૦૧૬ થી તા. ૩૧-૦૭-૨૦૧૭	૫૩	૩૫	
		તા. ૦૧-૦૮-૨૦૧૭ થી તા. ૩૧-૦૭-૨૦૧૮	૪૪	૩૫	
	ઉક્ત થયેલ મૃત્યુમાં અકુદરતી રીતે કેટલા સિંહ, સિંહબાળના મૃત્યુ થયા		૧૪	૧૪	
ચૌદમી ગુજરાત વિધાનસભા, બીજું સત્ર,૨૦૧૮, અતારાંકિત પ્રશ્નોત્તરી- ૧૯ સપ્ટેમ્બર,૨૦૧૮					
પ્રશ્ન પૂછનાર ધારાસભ્ય	પ્રશ્ન	મળેલ પ્રત્યુત્તર			
શ્રી મંગળભાઈ ગાવિત	તા. ૩૧-03-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા સિંહ, સિંહબાળના મૃત્યુ થયા	વર્ષ	સિંહ	સિંહબાળ	
		૨૦૧3-૧૪	૫૦	૩૨	
		૨૦૧૪-૧૫	૫૦	૨૯	
		૨૦૧૫-૧૬	૫૭	૨૮	
		૨૦૧૬-૧૭	૫૬	૪3	
		૨૦૧૭-૧૮	૪૭	૨૨	
	થયેલ મૃત્યુમાં અકુદરતી રીતે કેટલા સિંહ, સિંહબાળના મૃત્યુ થયા	વર્ષ	સિંહ	સિંહબાળ	
		૨૦૧3-૧૪	૨	૧	
		૨૦૧૪-૧૫	૭	૧૦	
		૨૦૧૫-૧૬	૯	૪	
		૨૦૧૬-૧૭	૧3	૬	
		૨૦૧૭-૧૮	૧૧	૭	
શ્રી ધવલસિંહ ઝાલા	તા. ૩૧-03-૨૦૧૮ની સ્થિતિએ ગીર અભયારણ્યમાં સિંહોની કુલ વસ્તી કેટલી છે	૩૦૪			
	સિંહોની કુલ વસ્તીમાં નર, માદા અને બચ્ચાઓની વસ્તી કેટલી છે	નર	87		
		માદા	૧33		
		બચ્ચા	૮૪		
	ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલા સિંહોના અકસ્માતથી, શિકારથી અને કુદરતી મૃત્યુ થયા	વર્ષ	કુદરતી મૃત્યુ	અકસ્માત થી મૃત્યુ	શિકાર
		૨૦૧3-૧૪	૫૧	0	0
		૨૦૧૪-૧૫	૨૯	0	0
		૨૦૧૫-૧૬	૩૭	0	0
		૨૦૧૬-૧૭	૫૬	0	0
		૨૦૧૭-૧૮	૩૪	૧	0

ગ્રીન કેટાલિસ્ટ ટીમની તાલીમ

પર્યાવરણ મિત્ર સંસ્થા તરફથી તા. ૧૩-૯-૨૦૧૮ના રોજ ગુજરાત વિદ્યાપીઠ ખાતે, ગ્રીન કેટાલિસ્ટના બંને જૂથોનો તાલીમ કાર્યક્રમ આયોજિત કરાયો હતો જેનો મુખ્ય હેતુ હતો કે, ગ્રીન કેટાલિસ્ટ સિનીયર ટીમના વિદ્યાર્થીઓ શું શીખ્યા, કેવા અનુભવ થયા, કેવાં પ્રોગ્રામ કર્યા, તે બધી જ રજૂઆત જુનિયર વિદ્યાર્થીઓ સમક્ષ કરે અને તેમનો ઉત્સાહ વધારે. સમાજમાં પર્યાવરણની કેવી સમસ્યાઓ છે, તેના માટે શું કરી શકાય તે માટે આ આયોજન કરવામાં આવેલું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં પર્યાવરણ મિત્ર સંસ્થાના સ્ટાફ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠના કુલ સચિવ શ્રી, ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી તથા ગુજરાત વિદ્યાપીઠના કેમ્પસ ઈન્ચાર્જ શ્રી અભુભાઈ રબારી દ્વારા માર્ગદર્શન પૂરું પડાયું.

નવા જોડાયેલા ગ્રીન કેટાલિસ્ટ મિત્રો પર્યાવરણ મિત્ર સંસ્થાથી, તેની પ્રવૃત્તિથી પરિચિત થાય તે માટે સંસ્થાના ઉદ્ભવ અને પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવ્યા.

ગ્રીન કેટાલિસ્ટ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ

પર્યાવરણ મિત્ર સંસ્થાના ગ્રીન કેટાલિસ્ટ પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ સ્થિત ૧૪ કોલેજો અને આણંદ સ્થિત ૧ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગ્રીન કેટાલિસ્ટ ('હરિત ઉદ્દિપક') જૂથ તરીકે પર્યાવરણ સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

તાલીમ દરમ્યાન સંસ્થાના નિયામક શ્રી મહેશ પંડ્યા દ્વારા પર્યાવરણની સુરક્ષા અને જાળવણી માટેના વ્યવસ્થાતંત્ર અને પર્યાવરણીય કાયદાઓ વિશે સમજ આપવામાં આવી હતી. સાથે-સાથે પર્યાવરણ વિશેની પ્રાથમિક સમજની સાથે આપણી સૌની જવાબદારી વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત પર્યાવરણ સંબંધિત વૈશ્વિક સમસ્યા અને વૈશ્વિક સ્તરે થતી કોન્ફરન્સ બાબતે પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

તેઓએ પર્યાવરણ સંબંધિત કાયદાઓ જેવા કે, પર્યાવરણ સુરક્ષા ધારો, પાણી અધિનિયમ, હવા અધિનિયમ, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ અંગેનો કાયદો, એન્વાયરોમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ જાહેરનામું વગેરેની સમજ આપી. આ કાયદાઓના અમલીકરણ માટે સરકારમાં કેન્દ્રીય સ્તરે અને રાજ્ય સ્તરે કેવી વ્યવસ્થા હોય છે તેની સમજ પણ આપવામાં આવી હતી.

વિદ્યાપીઠની ઇકો-ફ્રેન્ડલી વ્યવસ્થાઓ

તાલીમ દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠમાં થતા વૈજ્ઞાનિક પદ્ધતિથી થતા કચરાના વ્યવસ્થાપનની વ્યવસ્થા વિદ્યાપીઠના પરિસરમાં વિદ્યાર્થીઓએ નિહાળી. વિદ્યાપીઠના કેમ્પસ ઈન્ચાર્જ શ્રી અભુભાઈ રબારી દ્વારા વિદ્યાપીઠમાં થતા કચરાના વ્યવસ્થાપન અને કમ્પોસ્ટ વ્યવસ્થા વિશે સમજ આપવામાં

આવી હતી.

તેઓએ વિગતે સમજાવાયું કે વિદ્યાપીઠની સ્થાપનામાં પર્યાવરણની જાળવણીનો અભિગમ રહેલો છે. ચોમાસામાં વરસાદનું એક ટીપું પાણી પણ વિદ્યાપીઠની બહાર જતું નથી, બધું જ પાણી જમીનમાં ઉતારવાની વ્યવસ્થા છે. ૨૫ ઈંચ વરસાદ પડે તો અમદાવાદ ડૂબે પણ વિદ્યાપીઠ ના ડૂબે તેવી વ્યવસ્થા છે. ગુજરાત વિદ્યાપીઠની કેન્ટીનનો જેટલો વેસ્ટ નીકળે છે તે બધો બાયોગેસ પ્લાન્ટમાં નાખવામાં આવે છે, તે જ ગેસથી રસોઈ બનાવવામાં આવે છે. ઈલેક્ટ્રીસીટી વગરના, નેચરલ એર કુલર મૂકાયા છે. કેમ્પસમાં સોલર પાવરનો પણ વપરાશ કરાય છે.

- ૧૧ ખંભાતી કૂવા છે, જેના દ્વારા વરસાદી પાણી જમીનમાં ઉતારાય છે.
- સવારે ૬.૩૦ વાગે આખું કેમ્પસ વિદ્યાર્થીઓ દ્વારા સાફ કરવામાં આવે છે.
- સભાગૃહની બહાર ૫૦ ફૂટ ઉંડો કૂવો છે. જેની સિસ્ટમ એવી બનાવાઈ છે કે આ સભાગૃહમાં એ.સી.ની જરૂર નથી પડતું આ કૂવાના માધ્યમથી પંખાની અસરથી પૂરા હોલમાં ઠંડક રહે છે.
- વિદ્યાપીઠમાં કચરામાંથી ખાતર બનાવવામાં આવે છે.

આ ઉપરાંત વિદ્યાપીઠમાં પર્યાવરણને નુકસાન ન થાય અને તેની જાળવણી થાય તેવી રીતે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે જેમ કે,

- સૂર્ય ફાયર (સૂકવણી યંત્ર)
- જલ શુદ્ધિ ઉપકરણ
- સૂર્ય કૂકર
- પેડલ પાવર કોમ્પ્રેસર
- પેડલ પાવર પાણીનો પંપ,
- પેડલ પાવર લાઈટ

ગુજરાત વિદ્યાપીઠના કુલ સચિવશ્રી સાથે પ્રશ્નોત્તરી અને ચર્ચા

ગુજરાત વિદ્યાપીઠના ઈકોફ્રેન્ડલી કેમ્પસની મુલાકાત બાદ વિદ્યાપીઠના કુલ સચિવ અને કૃષિ વૈજ્ઞાનિક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી સાથે પ્રશ્નોત્તરી અને ખુલ્લી ચર્ચા કરવામાં આવી જેમાં, તેઓએ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના અને વ્યવસ્થા વિશે વધુ વાત કરી. સહભાગીઓ સાથે પ્રશ્નોત્તરી દ્વારા ખુલ્લી ચર્ચા કરવામાં આવી. તેઓએ જણાવ્યું કે, અત્યારના સમયમાં ભૌતિક સુખ-સુવિધાવાળી જીવનશૈલી બદલવી પડશે તો જ પર્યાવરણ જાળવણી કરી શકીશું અને આ માટે લોકોમાં વધુમાં વધુ સમજ ઉભી થાય અને જવાબદારી સ્વીકારાય તો જ આ શક્ય બની શકે.

ઓઝોન દિવસની ઉજવણી

પર્યાવરણ મિત્રની ગ્રીન કેટાલિસ્ટ ટીમ દ્વારા તારીખ ૧૭-૯-૨૦૧૮ના રોજ આદર્શ ઓગણજ પ્રાથમિક શાળામાં ૧૬ સપ્ટેમ્બર 'ઓઝોન ડે' નિમિત્તે વિજ્ઞાન

મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિજ્ઞાન મેળામાં ક્વિઝ સ્પર્ધા રાખવામાં આવી હતી. ૬ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓમાંથી ત્રણ સભ્યોની છ ટીમ પાડવામાં આવી. દરેક ટીમને વૈજ્ઞાનિકોના નામ અપાયા. જેમ કે, આર્યભટ્ટ, કલ્પના ચાવલા, એ.પી.જે. અબ્દુલ કલામ, હોમી ભામા, વિક્રમ સારાભાઈ, સુનિતા વિલિયમ્સ. સ્પર્ધામાં ચાર રાઉન્ડ રાખવામાં આવ્યા.

૧. સમય મર્યાદા વગર પ્રશ્નોના જવાબ આપવા.
૨. બઝર રાઉન્ડ
૩. એક મિનિટમાં જવાબ આપવો.
૪. ચીઠ્ઠી ઉપાડીને જે સવાલ આવે તેનો જવાબ આપવો.

સ્પર્ધામાં વિજેતા ત્રણ ટીમના વિદ્યાર્થીઓને ઈનામ રૂપે કંપાસ બોક્ષ આપવામાં આવ્યા.

ક્વિઝ સ્પર્ધાથી ખ્યાલ આવ્યો કે વિદ્યાર્થીઓ,

વિજ્ઞાન પ્રત્યે કેટલો રસ ધરાવે છે, વિજ્ઞાનનું શિક્ષણ કેવું આપવામાં આવે છે અને જનરલ નોલેજમાં વિજ્ઞાન શીખવાનો કેટલો રસ છે. ઉત્સાહ વધે તે માટે આવી સ્પર્ધાઓ યોજાતી રહેલી જોઈએ.

ઓઝોન ડે - કામેશ્વર વિદ્યાલય

પર્યાવરણ મિત્રના ગ્રીન કેટાલિસ્ટ જૂથ દ્વારા ૧૬ સપ્ટેમ્બરે ઓઝોન ડે નિમિત્તે તારીખ ૧૯-૯-૨૦૧૮ના રોજ કામેશ્વર પ્રાથમિક શાળામાં જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી માહિતી આપવામાં આવી. ઓઝોન એટલે શું ? તેના કેટલા આવરણ છે ? પર્યાવરણ શું છે ? પારજાંબલી કિરણથી કેવી પરિસ્થિતિ સર્જાય છે ? ઓઝોન ક્યાંથી ઉત્પન્ન થાય છે ? ક્લોરો ફ્લોરો કાર્બન શું છે ? તેની શું ભૂમિકા છે,- આ બધી વિગતો જણાવવામાં આવી. માહિતી સમજાવ્યા બાદ વિદ્યાર્થીઓને દસ પ્રશ્નો પૂછવામાં આવ્યા, જે વિદ્યાર્થીઓએ યોગ્ય જવાબ આપ્યા તેમને ઈનામ આપવામાં આવ્યા.

વૃક્ષને રક્ષાબંધન

અમદાવાદના વસ્ત્રાપુર ગામમાં વર્ષો પુરાણું એક વડનું વૃક્ષ છે. રસ્તાઓ પહોળા થવાને કારણે વૃક્ષ રસ્તા પર આવી ગયું છે. આ વૃક્ષ કાપવાની વાત ચાલતી

હતી. તેવામાં રક્ષાબંધનનો પવિત્ર તહેવાર આવ્યો. જેમ બહેન ભાઈને રાખડી બાંધીને રક્ષા કરે છે, તે વાતને પર્યાવરણ બચાવવા માટે ધ્યાનમાં લીધી. પર્યાવરણ મિત્રની ગ્રીન કેટાલિસ્ટ ટીમ દ્વારા તારીખ ૨૬-૮-૨૦૧૮ના રોજ સવારે ૮ વાગે વૃક્ષને રાખડી બાંધવાના કાર્યક્રમનું આયોજન થયું. રાખડી જાતે પેઈન્ટ કરીને બનાવવામાં આવી, તેમાં દર્શાવાયું કે વૃક્ષને કાપવામાં આવે છે, પણ બે બાળકો વૃક્ષને ભેટીને ઉભા છે, આવી પ્રતિકાત્મક રાખડી દ્વારા સંદેશો મૂકાયો. પર્યાવરણ મિત્ર તરફથી શ્રી મહેશ પંડ્યા, સુશ્રી મનિષાબેન પટેલ અને ગ્રીન કેટાલિસ્ટ ટીમના સભ્યો હાજર રહ્યા હતા.

વૃક્ષને રાખડી બાંધવામાં આવી અને નારા લગાવવામાં આવ્યા,

"ગલી ગલીમાં શોર મચાવો,
વૃક્ષ બચાવો, વૃક્ષ બચાવો"

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, દિવ્ય ભાસ્કર, નવગુજરાત સમય અખબારના પ્રતિનિધિઓએ આ સંદેશો પોતાના અખબારમાં પણ પ્રકાશિત કર્યો હતો.

ઈકો-ફ્રેન્ડલી ગણપતિ ઉત્સવ

ઓગણજ શાળામાં જાગૃતિ કાર્યક્રમ

પર્યાવરણ મિત્રના ગ્રીન કેટાલિસ્ટ જૂથ દ્વારા તા. ૧૨-૦૯-૨૦૧૮ના રોજ આદર્શ ઓગણજ પ્રાથમિક શાળામાં ગણેશ ચર્તુથી નિમિત્તે જાગૃતિ કાર્યક્રમનું

આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ઈકોફ્રેન્ડલી ગણેશ ઉત્સવ અંગે માહિતી આપીને સ્ટ્રીટ પ્લે રજૂ કરવામાં આવ્યું. સ્ટ્રીટ પ્લેમાં દર્શાવવામાં આવ્યું કે, ગણપતિની મૂર્તિ POP (પ્લાસ્ટર ઓફ પેરિસ)ની બનેલી હોય. તેનું વિસર્જન કરવામાં આવે તો નદીમાં તે પીગળતી નથી. તે મૂર્તિનું કેમિકલ બહાર આવે છે અને પાણી દૂષિત થાય છે, આ પાણીથી જીવસૃષ્ટિને નુકસાન પહોંચે છે. આ જ પાણી દરેકના ઘરમાં આવે છે, તે પીવાથી ગંભીર રોગ થાય છે. નાટક દ્વારા સંદેશ અપાયો કે, POP ની મૂર્તિ ના લાવો, અને માટીની મૂર્તિ લાવો. "પર્યાવરણ બચાવો, જીવન બચાવો" તે પછી દિલ્હી, મુંબઈ, અમદાવાદમાં કેવી રીતે વિસર્જન થાય છે અને તે પછી પાણીના સ્રોતોની શું પરિસ્થિતિ થાય છે, તેની વિડીયો ક્લીપ્સ બનાવવામાં આવી.

કામેશ્વર વિદ્યાલયમાં જાગૃતિ કાર્યક્રમ

પર્યાવરણ મિત્રના ગ્રીન કેટાલિસ્ટ જૂથ દ્વારા તારીખ ૧૨-૯-૨૦૧૮ના રોજ જોધપુરની કામેશ્વર સ્કૂલમાં ગણેશ ચતુર્થી નિમિત્તે જાગૃત્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. POP ની મૂર્તિની વાત કરી. ત્યારબાદ સ્ટ્રીટ પ્લે દ્વારા દર્શાવવામાં આવ્યું કે, ગણપતિની POP (પ્લાસ્ટર ઓફ પેરિસ)ની બનેલી મૂર્તિ નુકસાનકારક છે. અંતે, સંદેશ આપવામાં આવ્યો કે, POP ની મૂર્તિ ના લાવો અને માટીની મૂર્તિ લાવો. પર્યાવરણ બચાવો અને જીવન બચાવો.

ગણપતિની POPની મૂર્તિથી થતું નુકસાન

પર્યાવરણ મિત્રની ગ્રીન કેટાલિસ્ટ ટીમ દ્વારા તા. ૧૯-૯-૨૦૧૮ના રોજ સરકારી વસાહત પ્રાથમિક શાળામાં ગણપતિની POP (પ્લાસ્ટર ઓફ પેરિસ)ની મૂર્તિ થી થતા નુકસાનની વાત કરતું સ્ટ્રીટ પ્લે કરવામાં આવ્યું. POP ની મૂર્તિને વિસર્જન કરાય ત્યારે નદીમાં પીગળતી નથી અને પાણી કેમિકલ યુક્ત બને છે. તે પાણીથી જીવસૃષ્ટિને નુકસાન પહોંચે છે. તે જ પાણી ઘરોમાં આવે છે. વિસર્જન વખતે ગુલાલ ઊછાળવામાં આવે છે, તે શ્વાસમાં જાય છે અને ફેફસાંની બિમારી થાય છે. પર્યાવરણને નુકસાન થાય છે તે બાબત દર્શાવવામાં આવી. અમદાવાદ, મુંબઈ, મહારાષ્ટ્રમાં વિસર્જન બાદ શું પરિસ્થિતિ સર્જાય છે તે વિડીયો ક્લીપ્સ દ્વારા બતાવવામાં આવ્યું ને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, આ "શું આ આસ્થા છે ?" માટીની મૂર્તિ લાવો અને પર્યાવરણ બચાવોનો સંદેશ આપ્યો.

ઈકો-ફ્રેન્ડલી ગણપતિ મહોત્સવ-૨૦૧૮

ભારતીય સમાજમાં વાર તહેવારે આનંદ ઉત્સાહમાં વધારો જોવા મળે છે ને સાથે સાથે પર્યાવરણમાં, પ્રદૂષણનો વધારો થાય છે. જીવસૃષ્ટિને અને પર્યાવરણને નુકસાન થાય છે. ગણેશ ચતુર્થીનો ઉત્સવ આવે ત્યારે સર્વે લોકો POP (પ્લાસ્ટર ઓફ પેરિસ)ની મૂર્તિ લાવે છે, તેનાથી અનેક ગંભીર સમસ્યા સર્જાય છે. પર્યાવરણ મિત્રની ગ્રીન કેટાલિસ્ટ ટીમ દ્વારા તા. ૧૪-૯-૨૦૧૮ના રોજથી ઈકો-ફ્રેન્ડલી ગણેશ મહોત્સવ ૨૦૧૮ની શરૂઆત કરાઈ. POP ની મૂર્તિથી થતી ગંભીર અસરો જેવી કે, કેમિકલ યુક્ત પાણી, આવા પાણીના ઉપયોગથી ચામડીના રોગો થાય, જીવસૃષ્ટિને હાનિ થાય - આ સંદેશાઓ સાથે અમદાવાદના અલગ અલગ વિસ્તાર જેવા કે, ચાંદખેડા, સરખેજ, રાણીપ, વાડજ, સુભાષબ્રીજ, થલતેજમાં શેરી નાટકો દ્વારા જાગૃતિ ફેલાવાઈ.

અખબારોના માધ્યમથી જ્યાં ઈકો-ફ્રેન્ડલી (માટી) મૂર્તિની ખબર મળી ત્યાં પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરાયા. અમદાવાદના સરખેજ, ચાંદખેડા, વસ્ત્રાપુર, વાડજ, રાણીપ વગેરે વિસ્તારમાં આ કાર્યક્રમ કરવામાં આવ્યા.

POP ની મૂર્તિ લાવ્યા હોય તે વિસ્તારમાં સ્ટ્રીટ પ્લે કરવામાં આવે અને સ્ટ્રીટ પ્લે દ્વારા સંદેશ આપવામાં આવ્યો કે આ મૂર્તિ પાણીમાં ઓગળતી નથી, પાણી પ્રદૂષિત થાય છે, તેનાથી જીવસૃષ્ટિમાં નુકસાન થાય છે,

વિસર્જન પછી નદીઓની શું પરિસ્થિતિ થાય છે. તે સ્ટ્રીટ પ્લેમાં દર્શાવીને "પર્યાવરણ બચાવો, જીવન બચાવો"નો સંદેશ અપાયો હતો. આ કાર્યક્રમોમાં સમાચાર માધ્યમોને આમંત્રણ અપાતું હતું. જે પૈકી

GSTV ન્યૂઝ ચેનલમાં કાર્યક્રમના સમાચાર આવ્યા હતાં. આ મહોત્સવમાં કુલ ૨૭ જગ્યા પર ઈકો-ફ્રેન્ડલી ઉજવણી કરનારને સર્ટીફિકેટ આપવામાં આવ્યા. સોસાયટીમાં માટીની મૂર્તિ લાવ્યા હોય ત્યાં ટ્રોફી

આપવામાં આવી. ગુજરાતી ફિલ્મના કલાકાર રાજ્ય ત્રિવેદીના ઘરે પણ માટીની મૂર્તિ લાવ્યા હતા, તે બદલ તેમને પણ સર્ટીફિકેટ અને ટ્રોફી અપાઈ હતી.

આમ, પર્યાવરણ મિત્રની ગ્રીન કેટાલિસ્ટ ટીમ દ્વારા ઈકો-ફ્રેન્ડલી ગણપતિ ઉત્સવ -૨૦૧૮ અંતર્ગત તા. ૧૪-૯-૨૦૧૮ થી ૨૩-૯-૨૦૧૮ સુધી વિવિધ રીતે જાગૃતિ અભિયાન હાથ ધરાયું હતું.

Training of Green Catalyst

પર્યાવરણ મિત્ર સંસ્થા તરફથી તા. ૧૫-૧૦-૧૮ના રોજ AMA વસ્ત્રાપુર ખાતે પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રીન કેટાલિસ્ટ ટીમ દ્વારા જે પણ સ્કૂલ પસંદ કરવામાં આવી છે. તેમાં ક્યા પ્રકારના કાર્યક્રમોનું આયોજન થઈ શકે તે પ્રેઝન્ટેશન દ્વારા બતાવવાનું હતું.

પર્યાવરણ મિત્ર તરફથી શ્રી મહેશ પંડ્યા,

મનીષાબેન અને મહેશ પરમાર હાજર હતાં. દરેક શાળાના આચાર્યને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

૧૦.૧૫ વાગે સિદ્ધાર્થ પાંડે અને વિરલ જોષી દ્વારા પ્રોગ્રામની શરૂઆત થઈ. સ્કૂલ પ્રોગ્રામનો ઉદ્દેશ જાગૃતિ જ્ઞાન, આવડત વિકસાવવાનો છે, સહભાગિતા વધારવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત છ શાળાઓને પસંદ કરવામાં આવી છે.

૧. કામેશ્વર વિદ્યાલય
૨. આદર્શ ઓગણજ પ્રાથમિક શાળા
૩. દિવાન બલ્લુભાઈ સ્કૂલ
૪. સ્કૂમ
૫. સરકારી વસાહત શાળા
૬. સર્વોદય કુમાર સ્કૂલ, અડાસ

જે - તે શાળા સાથે જોડાયેલ ગ્રીન કેટાલિસ્ટ મિત્રોએ શાળામાં કરેલ કાર્યક્રમોની પ્રેઝન્ટેશન કરીને માહિતી આપી. દરેક શાળામાં ઓરીએન્ટેશન, વેસ્ટ મેનેજમેન્ટ, ધી વેસ્ટ કલેક્શન, પોલ્યુશન કન્ટ્રોલ, ગણેશ ચતુર્થી, ઓઝોન ડે ના પ્રોગ્રામ કરવામાં આવ્યા હતા. સ્ટ્રીટ પ્લે દ્વારા જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરાયા. પ્રેઝન્ટેશનના કાર્યક્રમ બાદ શાળાના આચાર્યના મંતવ્ય લેવામાં આવ્યા. ગ્રીન કેટાલિસ્ટ મિત્રો અંગે અભિપ્રાયો અને સૂચનો લેવામાં આવ્યા.

પછીના સત્રમાં ગ્રીન કેટાલિસ્ટ જૂથની મીટીંગ યોજાઈ - હવે પછીના કાર્યક્રમોના આયોજન અંગે તેમજ વ્યક્તિગત ક્ષમતા વધારવા અંગે પ્રતિભાવો સૂચનો લેવાયા.

ગુજરાત વિધાનસભા પ્રશ્નોતરી
ચૌદમી ગુજરાત વિધાનસભા - બીજું સત્ર,૨૦૧૮

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌચર

પ્રશ્નકર્તા : શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય)

પ્રશ્ન :

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૮ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામમાં ગૌચર પૂરતું છે, કેટલા ગામમાં ગૌચરની ઘટ છે અને કેટલા ગામમાં બિલકુલ ગૌચર નથી,

(૨) જે ગામોમાં ગૌચરની ઘટ છે અથવા બિલકુલ ગૌચર નથી તે ગામોમાં ગૌચર વધારો થાય તે માટે રાજ્ય સરકારે શા પગલાં લીધાં ?

જવાબ :

(૧) પૂરતું ગૌચર ધરાવતા ગામોની સંખ્યા : જામનગર - ૧૪૪, દેવભૂમિ દ્વારકા - ૪૭

ગૌચરની ઘટ ધરાવતાં ગામોની સંખ્યા : જામનગર - ૨૬૫, દેવભૂમિ દ્વારકા - ૧૯૧

જે ગામોમાં ગૌચર બિલકુલ નથી તેની સંખ્યા : જામનગર - ૯, દેવભૂમિ દ્વારકા - ૧૦

(૨) ગ્રામ પંચાયતો તરફથી કોઈ દરખાસ્ત કરાયેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમદાવાદ શહેરમાં આવેલ વટવા ઔદ્યોગિક વસાહત

પ્રશ્ન કર્તા : શ્રી હિમ્મતસિંહ પટેલ (બાપુનગર)

પ્રશ્ન :

(૧) અમદાવાદ શહેરમાં આવેલ વટવા ઔદ્યોગિક વસાહતો દ્વારા હવામાં છોડાતા વાયુ અને ઝેરી કચરાનો યોગ્ય નિકાલ ન થતાં વીજ જોડાણ કાપવા સહિતના પગલાંઓ લેવાના આદેશો સરકારે તા. ૩૧-૭-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં આપેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત આદેશ અન્વયે ક્યારે અમદાવાદ શહેરની વટવા ઔદ્યોગિક વસાહત સામે શાં પગલાં લેવામાં આવેલ છે ?

જવાબ :

(૧) હા, જી

(૨) ગુજરાત પ્રદૂષણ નિયંત્ર બોર્ડ દ્વારા વટવા ઔદ્યોગિક વસાહતોમાં છેલ્લા એક વર્ષમાં હવા પ્રદૂષણ તથા જોખમી અને અન્ય કચરાઓના નિયમોના ભંગ બદલ (પત્રક-૧ થી ૩ મુજબ) જુદા-જુદા ઔદ્યોગિક એકમો સામે પગલાં લેવામાં આવેલ છે.

પત્રક - ૧

હવા પ્રદૂષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ - ૧૯૮૧ની કલમ ૩૧ (અ) હેઠળ પાઠવેલ ઉદ્યોગ બંધ કરવાનો હુકમ.

(સમય : ૦૧-૦૮-૨૦૧૭ થી ૩૧-૦૭-૨૦૧૮)

ક્રમ નં.	**એકમનું નામ**	**ઉદ્યોગ બંધ કરવાની તા.**
૧.	ઉમા પોલીમર્સ પ્રા. લી.	૨૩-૫-૨૦૧૮
૨.	દ્વારકેશ કેમિકલ્સ	૦૯-૫-૨૦૧૮
૩.	મલ્ટીકલરકેમ	૩૦-૪-૨૦૧૮
૪.	ધ ગ્રીન એન્વારમેન્ટ સર્વીસ પ્રા.લી.(સીઈટીપી)	૨૬-૪-૨૦૧૮
૫.	જે. પ્રેમચંદ ઈન્ડસ્ટ્રીઝ	૧૯-૨-૨૦૧૮
૬.	માયા ઉદ્યોગ	૧૨-૩-૨૦૧૮
૭.	મલ્ટીકલર કેમ	૩૦-૪-૨૦૧૮
૮.	રામદેવ સ્ટીલ રોલ	૧૫-૩-૨૦૧૮

વડોદરા અને મહેસાણા જિલ્લામાં ગૌચર

પ્રશ્ન કર્તા : શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ)

પ્રશ્ન :

(૧) તા. ૩૧-૭-૨૦૧૮ની સ્થિતિએ વડોદરા અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામમાં ગૌચર પૂરતું છે, કેટલા ગામમાં ગૌચરની ઘટ છે અને કેટલા ગામમાં બિલકુલ ગૌચર નથી, અને

(૨) જે ગામોમાં ગૌચરની ઘટ છે અથવા બિલકુલ ગૌચર નથી તે ગામોમાં ગૌચરમાં વધારો થાય તે માટે રાજ્ય સરકારે શાં પગલાં લીધાં ?

જવાબ :

(૧)

જિલ્લો	પૂરતું ગૌચર ધરાવતા ગામોની સંખ્યા	ગૌચરની ઘટ વાળા ગામોની સંખ્યા	ગૌચર ન હોય તેવા ગામોની સંખ્યા
વડોદરા	૩૭૬	૨૭૭	૪૧
મહેસાણા	૫૫૫	૩૮	૨૫

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયે ગૌચર કરવા ગ્રામપંચાયતે દરખાસ્ત કરવાની રહે છે. હાલ દરખાસ્ત પડતર નથી.

વેળાવદરમાં કેમિકલવાળું પાણી પીવાથી કાળિયારના મોત

પ્રશ્ન કર્તા : શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા)

પ્રશ્ન :

(૧) તા. ૩૧-૭-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ભાવનગરના વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન અને આસપાસના વિસ્તારમાં કેટલા કાળીયારના અકુદરતી મૃત્યુ થયા,

(૨) ઉક્ત અકુદરતી મૃત્યુ પૈકી કેટલા કાળીયારના મૃત્યુ કેમિકલ યુક્ત પાણી પીવાથી મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત કેમિકલ યુક્ત પાણીથી મૃત્યુ અંગેની તપાસ કોને ક્યારે સોંપવામાં આવેલ છે ?

જવાબ :

(૧) તા. ૩૧-૭-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ભાવનગરના વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન અને આસપાસના વિસ્તારમાં નીચેની વિગતે કાળીયારના અકુદરતી મૃત્યુ થયેલ છે.

વર્ષ	કાળીયાર રાષ્ટ્રીય	કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન આસપાસનો વિસ્તાર
તા. ૧-૮-૨૦૧૬ થી તા. ૩૧-૭-૨૦૧૭	૦	૦
તા. ૧-૮-૨૦૧૭ થી તા. ૩૧-૭-૨૦૧૮	૦૧	૧૬

(૨) ૦૫

(૩) ઉક્ત કેમિકલ યુક્ત પાણીથી થયેલ કાળીયારના મૃત્યુ અંગેની તપાસ પરિક્ષેત્ર વન અધિકારી શ્રી, મોબાઈલ સ્કવોડ રેન્જ, કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદરને તા. ૧૮-૬-૨૦૧૮ના રોજ સોંપવામાં આવેલ છે.

મીઠાપુર ખાતે ટાટા કેમિકલ્સ કંપનીને ફાળવેલ જમીનમાં શરતભંગ

પ્રશ્નકર્તા : શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળિયા)

પ્રશ્ન :

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૮ની સ્થિતિએ મીઠાપુર ખાતે ટાટા કેમિકલ્સ કંપનીને ફાળવેલ જમીન શરતભંગ અંગે જમીન મહેસૂલ કાયદા અનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ તે અન્વયે કંપની સામે શાં પગલાં લીધાં.

જવાબ :

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૮ની સ્થિતિએ મીઠાપુર ખાતે ટાટા કેમિકલ્સ કંપનીને ફાળવેલ જમીન પૈકી મીઠાપુર આરંભડા, ભીમરાણ એકર ૨૮૪૭-૦૫ ગુંઠા, પડલી એ ૧૩૨૫-૩૩ ગુંઠા, ઓખામઢી એ.૧૩૬૪-૧૮ ગુઠા, ચરક એ. ૧૩૩૪૭-૩૪ ગુંઠા, જમીન સંબંધે પ્રાંત અધિકારી, દ્વારા શરતભંગ કેસ નંબર-૨૩-૨૦૧૪ દાખલ તા. ૨૩-૫-૨૦૧૬ના રોજ આસી. સોલ્ટ કમિશ્નર શ્રી જામનગરને તપાસ કરી પગલા લેવા જણાવેલ છે.

દાહોદ અને વલસાડ જિલ્લામાં ગૌચર

પ્રશ્ન કર્તા : શ્રી ભાવેશભાઈ કટારા (ઝાલોદ)

પ્રશ્ન :

(૧) તા. ૩૧-૭-૨૦૧૮ની સ્થિતિએ દાહોદ અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામમાં ગૌચર પૂરતુ છે. કેટલા ગામમાં ગૌચરની ઘટ છે અને કેટલા ગામમાં બિલકુલ ગૌચર નથી, અને

(૨) જે ગામોમાં ગૌચરની ઘટ છે અથવા બિલકુલ ગૌચર નથી તે ગામોમાં ગૌચરમાં વધારો થાય તે માટે રાજ્ય સરકારે શા પગલાં લીધાં ?

જવાબ :

(૧) તા. ૩૧-૭-૨૦૧૮ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ૨૦૫ ગામમાં ગૌચર પૂરતું છે. ૩૭૨ ગામમાં ગૌચરની ઘટ છે અને ૧૨૦ ગામમાં બિલકુલ ગૌચર નથી તથા વલસાડ જિલ્લામાં શૂન્ય ગામમાં ગૌચર પૂરતું છે, ૨૫૩ ગામમાં ગૌચરની ઘટ છે અને ૨૧૪ ગામમાં બિલકુલ ગૌચર નથી.

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયે ગૌચર નીમ કરવા ગ્રામ પંચાયતે દરખાસ્ત કરવાની રહે છે. હાલ કોઈ દરખાસ્ત પડતર નથી.

જુનાગઢ જિલ્લામાં ગૌચર વિનાના ગામો

પ્રશ્ન કર્તા : શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર)

પ્રશ્ન :

(૧) તા. ૩૦-૬-૨૦૧૮ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં બિલકુલ ગૌચર નથી,

(૨) ગૌચર શૂન્ય થવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત ગામોમાં જરૂર મુજબનું ગૌચર નીમ કરવા તા. ૨૦-૮-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસૂલ વિભાગને ક્યારે દરખાસ્ત કરવામાં આવી ?

જવાબ :

(૧) તા. ૩૦-૬-૨૦૧૮ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર બિલકુલ ગૌચર નથી તેવા ગામોની સંખ્યા :

તાલુકાનું નામ	ગામોની સંખ્યા
જુનાગઢ-ગ્રામ્ય	૬
માણાવદર	૪
માંગરોળ	૧
વિસાવદર	૪
ભેંસાણ	૪
મેંદરડા	૨
માળીયા(મીં)	--
વંથલી	--
કેશોદ	--
કુલ	**૨૧**

(૨) ગામમાં પ્રથમથી જ ગૌચર આવેલ ન હોવાથી, માનવ વસ્તી તેમજ ઢોરની સંખ્યા ન હોવાથી તેમજ નાની સિંચાઈ યોજના માટે જમીન સંપાદન થવાના કારણસર ગૌચર શૂન્ય થયેલ છે.

(૩) મહેસૂલ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવેલ નથી.

મહીસાગર અને ડાંગ જિલ્લામાં ગૌચર

પ્રશ્ન કર્તા : શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર)

પ્રશ્ન :

(૧) તા. ૩૧-૭-૨૦૧૮ની સ્થિતિએ મહિસાગર અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામમાં ગૌચર પુરતુ છે. કેટલા ગામમાં ગૌચરની ઘટ છે અને કેટલા ગામમાં બિલકુલ ગૌચર નથી, અને

(૨) જે ગામોમાં ગૌચરની ઘટ છે અથવા બિલકુલ ગૌચર નથી તે ગામોમાં ગૌચરમાં વધારો થાય તે માટે રાજ્ય સરકારે શા પગલાં લીધા ?

જવાબ :

(૧) તા. ૩૧-૭-૨૦૧૮ની સ્થિતિએ

	મહીસાગર	ડાંગ
	ગામોની સંખ્યા	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કારણ કે, ડાંગ જિલ્લો પ્રોટેક્ટેડ તેમજ રીઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં આવેલ છે.
પૂરતુ ગૌચર	૧૪	
ગૌચરની ઘટ	૪૬૬	
ગૌચર બિલકુલ નથી	૨૨૨	

(૨) રજૂઆત મળેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમરેલી અને ભાવનગર જિલ્લામાં ગૌચર

પ્રશ્ન કર્તા : શ્રી જે.વી. કાકડીયા (ધારી)

પ્રશ્ન :

(૧) તા. ૩૧-૭-૨૦૧૮ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામમાં ગૌચર પૂરતું છે, કેટલા ગામમાં ગૌચરની ઘટ છે અને કેટલા ગામમાં બિલકુલ ગૌચર નથી, અને

(૨) જે ગામોમાં ગૌચરની ઘટ છે અથવા બિલકુલ ગૌચર નથી તે ગામોમાં ગૌચર વધારો થાય તે માટે રાજ્ય સરકારે શા પગલાં લીધાં ?

જવાબ :

(૧)

વિગત	અમરેલી	ભાવનગર
પૂરતું ગૌચર હોય તેવા ગામોની સંખ્યા	૫૩૧	૬૩
ગૌચરની ઘટ હોય તેવા ગામોની સંખ્યા	૭૨	૫૬૧
બિલકુલ ગૌચર ન હોય તેવા ગામોની સંખ્યા	૧૪	૭૪

(૨) ગ્રામ પંચાયત તરફથી દરખાસ્ત રજૂ થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગાંધીનગર જિલ્લામાં પ્રદૂષણ ફેલાવતા એકમોની ફરિયાદો

પ્રશ્ન કર્તા : શ્રી બળદેવજી ઠાકોર (કલોલ)

પ્રશ્ન :

(૧) તા. ૩૧-૭-૨૦૧૮ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા અને ક્યા ઔદ્યોગિક એકમો સામે પ્રદૂષણ ફેલાવતા હોવા અંગેની ફરિયાદો વિભાગને મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ શાં પગલાં લીધા ?

જવાબ :

(૧) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સામેલ પત્રકનાં કોલમ (૨)માં દર્શાવેલ વિગતો મુજબ ૩૨ ઔદ્યોગિક એકમો સામે પ્રદૂષણ ફેલાવતા હોવા અંગેની ફરિયાદો મળેલ છે.

(૨) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સામેલ પત્રકના કોલમ (૩)માં દર્શાવ્યા મુજબ પગલાં લેવામાં આવેલ છે.

(અનુસંધાન પાના નં.૨૩ પર)

ગાંધીજી અને પર્યાવરણ

પૂજ્ય મહાત્મા ગાંધીનું દરેક વિષય ઉપર એક આગવું ચિંતન હતું. તેઓ દરેક સમસ્યાનો ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યા પછી તે સમસ્યાનો વ્યવહારુ ઉકેલ શોધતા હતા. તેઓ કોઈ આર્થિક મુદ્દા વિશેની ચર્ચા કરતાં હોય તો આપણને અર્થશાસ્ત્રી લાગે, સમાજ જીવનનાં જુદાં-જુદાં પ્રશ્નો વિશેની ચર્ચા કરતાં હોય તો આપણને સમાજશાસ્ત્રી લાગે અને પર્યાવરણ વિશેની વાત કરતાં હોય તો પર્યાવરણવિદ્ લાગે. તેમના જીવન અને વ્યવહારના એવા કેટલાંયે પર્યાવરણના પ્રસંગો આ બાબતની સાક્ષી પૂરે છે.

એકવાર ગાંધીજી પોતાની બેઠકની આસપાસ કશુંક શોધી રહ્યાં હતા. કાકા સાહેબે પૂછ્યું -શું શોધો છો ? બાપુએ જવાબ આપ્યો "મારી નાનકડી પેન્સિલ." એમનો સમય અને તકલીફ બચાવવા કાકા સાહેબે પોતાના ખિસ્સામાંથી પેન્સિલ આપી, પણ બાપુએ તે પેન્સિલ લીધી નહિ. બે ઈંચથીયે નાના ટુકડા માટે

ડૉ. વિપિન મકવાણા

ગાંધીજીએ ઘણી શોધખોળ કરી અને પોતાની જ નાનકડી પેન્સિલથી જ લખવાનો આગ્રહ રાખ્યો હતો. નાનકડી પેન્સિલનો ટુકડો એ પ્રકૃતિનો જ એક ભાગ છે, તેવું તેઓ માનતા હતા. આ નાનકડી પેન્સિલનો પ્રસંગ આપણને પ્રાકૃતિક સંપતિનો વિવેકપૂર્વક કેમ ઉપયોગ કરવો જોઈએ તેની શીખ આપે છે.

દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી ભારત પરત આવ્યા પછી તેમણે સમગ્ર દેશનું પરિભ્રમણ કર્યુ,. આ દરમ્યાન તેમને ભયંકર ગરીબીના ઠેર-ઠેર દર્શન થયા. પછી તેમણે શરીર ઉપર એકમાત્ર ટૂંકી પોતડી પહેરવાનું નક્કી કર્યું હતું. કૂદકે અને ભૂસકે વસ્તીમાં આજે બેફામ વધારો થઈ રહ્યો છે. જેના પરિણામે પ્રાકૃતિક સંસાધનોનો વપરાશ વધ્યો છે. ટૂંકી પોતડી એ સાદાઈનું પ્રતિક છે. દરેક વ્યક્તિ જો પોતાના જીવનમાં સાદાઈ અપનાવે તો પ્રકૃતિનું રક્ષણ ચોક્કસ થઈ શકે.

આજે પ્રાકૃતિક સંપદાનો વધારે પડતો ઉપયોગ થઈ રહ્યો છે. પેટ્રોલ અને ડીઝલનો વપરાશ વધ્યો છે. આજે ચાલવા જવા માટે પણ ૫-૧૦ કિલોમીટર વાહન ચલાવીને ઘણાં લોકો બગીચામાં જાય છે અને માંડ એકાદ કિલોમીટર ચાલે છે. જો ખરેખર, ચાલવું જ હોય તો વાહનનો ઉપયોગ કરવાનો શો મતલબ ?



પગપાળા ચાલવાના કાર્યને ઉત્તમ વ્યાયામ તરીકે ઓળખાવતાં ગાંધીજી એમના જીવન દરમ્યાન સરેરાશ રોજના ૧૮ કિલોમીટર ચાલતા હતા. ૧૯૧૩ થી ૧૯૩૮ દરમ્યાનનાં ૨૫ વર્ષમાં તેમણે આશરે ૭૯,૦૦૦ કિલોમીટર પદયાત્રા કરી હતી. આમ, બિનજરૂરી વાહનનો ઉપયોગ ટાળી તેમણે ચાલવાની પ્રક્રિયાને આરોગ્ય સાથે જોડી હતી.

આજે પેટ્રોલ અને ડિઝલની સાથો-સાથ પાણીનો પણ બેફામ બગાડ થઈ રહ્યો છે. એક સમયે મફતના ભાવે મળતું પાણી મેળવવા આજે કલાકો સુધી લાઇનમાં ઊભા રહેવું પડે છે. સૌરાષ્ટ્ર અને કચ્છનાં કેટલાક વિસ્તારોમાં બહેનોને દૂર સુધી ચાલીને પાણી લેવા માટે જવું પડે છે. પરંતુ જ્યારે પાણીની પૂરતી છત હતી તેવા સમયે પૂજ્ય બાપુએ પાણીનો કરકસરભર્યો વપરાશ કરવો જોઈએ તેની સમજણ આપણને આપેલી છે. ગાંધીજી વહેલી સવારે ઉઠીને મોં-ધોવા અને દાંતણ કરવા માટે એક નાની લોટી રાખતાં હતાં. સાબરમતી નદી જ્યારે બે કિનારે વહેતી હતી ત્યારે બાપુએ ફકત એક લોટીથી મોં સાફ કર્યું ત્યારે તેમના સાથી કાર્યકર, મોહનલાલ પંડયાએ કહ્યું કે "બાપુ, સાબરમતી નદીમાં પાણીનો કયાં તોટો છે ?" આ સાબરમતી નદી વહી જાય છે ત્યારે તમે પાણીની કરકસર શા માટે કરો છો ? આ સમયે બાપુએ શાંતિથી કહ્યું કે, "તમને મારું મોં બરાબર સાફ થયેલું લાગે છે કે નહિ. નદીમાં પાણી વધારે હોય તેનો મતલબ એ નહિ કે આપણે તેને ગમે તેમ વાપરવું. નદીનું પાણી સૌ પશુ, પંખી, માણસ અને જીવ જંતુઓ માટે છે. મારાં એકલા માટે નથી. મારા ખપ પૂરતું જ હું પાણી લઉં પણ વધારે પાણી લેવાનો મને હક નથી. સહિયારી મિલકતમાંથી ખપ કરતાં વધારે પાણી આપણાંથી કઈ રીતે લેવાય ?" પાણીની રેલમ છેલમ વખતે તેમણે પાણીનો કરકસર વપરાશ કેમ કરવો તે અંગેનું પાણી શિક્ષણ આપણને આપ્યું હતું. ગાંધીજી દીર્ઘ-દ્રષ્ટા હતાં. તેમને ખબર હતી કે પાણીના વપરાશમાં આપણે વિવેક નહીં દાખવીએ તો પાણીની અછત કે તંગી ઉભી થશે. આમ, વર્ષો પહેલા ગાંધીજીએ કહેલ વાતને જો આપણે અનુસર્યા હોત તો આજે પાણીની જે કટોકટીનો સામનો આપણે કરવો પડે છે, તે ન કરવો પડત.

ગાંધીજી ભારપૂર્વક કહેતા કે "પ્રકૃતિ દરેક માણસની જરૂરિયાત સંતોષી શકે, તેના લોભને નહીં." તેઓ હમેંશા જરૂરિયાતો ઓછી કરવાં ઉપર ભાર આપતાં હતાં. ગાંધીજીની સાદાઈ અને તેમની જીવનશૈલી અંગેના વિચારો અને કાર્યો આપણને પર્યાવરણની સુરક્ષા માટે એક ડગ આગળ લઈ જાય છે. આજના એસિડ રેઇન, ગ્રીન હાઉસ ઈફેક્ટ અને ગ્લોબલ વોર્મિંગ અગે થતી વૈશ્વિક ચિંતા - બધા જ પ્રશ્નોનો ઉકેલ ગાંધી આચાર અને વિચારમાં છે. તો ચાલો, પ્રકૃતિ તરફ પાછા વળીએ અને પર્યાવરણને બચાવીએ.

(લેખક પર્યાવરણ મિત્ર સંસ્થાના સ્થાપક સભ્યોમાંના એક છે. હાલમાં દેથલી સ્થિત ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામ સેવા કેન્દ્રની કામગીરી સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે)

પ્રતિભાવ

"ખૂબ ખૂબ ધન્યવાદ. અંક ખૂબ સુંદર છે, અભિનંદન. શાળા કોલેજ સાથે કામ બહુ મહત્વનું છે. ગૌતમભાઈ સાથે તમારા ગાઢ સંબંધ હતા, તમને એમની ઘણી ખોટ સાલશે. અંજલિમાં તમે અંગત અનુભવો જણાવ્યા નથી તે તમારો વિવેક છે."

શ્રી જગદીશ પટેલ, વડોદરા.

વિદ્યાર્થીઓને પર્યાવરણ રક્ષા માટે પહેલ કરવા સક્ષમ બનાવતો કાર્યક્રમ

ગ્રીન કેટાલિસ્ટની સફર @ આજીવન શિક્ષણ વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ

પર્યાવરણ આપણા સૌની નિસ્બતનો વિષય છે, કેટલાક વર્ષોથી પર્યાવરણને થતું નુકસાન મોટી ચિંતાનો વિષય બની ગયો છે. આ પૃથ્વી પર રહેલા કુદરતી સંસાધનો આપણે બેફામ વાપરી રહ્યા છીએ જેનાથી કુદરતી સમતુલાને અસર થઇ રહી છે. આ પૃથ્વી આપણે આપણા બાળકો પાસેથી ઉધાર લીધી છે અને તેથી જ યુવાનો પર્યાવરણના વિવિધ ઘટકોને સમજે, પ્રશ્ન અને ઉકેલ માટે સક્ષમ બને તે જરૂરી છે.

સર્વોચ્ચ અદાલતની દરમિયાનગીરીથી શાળા-કોલેજોમાં પર્યાવરણ શિક્ષણ એક વિષય તરીકે અભ્યાસક્રમમાં દાખલ કરાયો છે. ઉચ્ચશિક્ષણ આપતી સંસ્થાઓ પર્યાવરણ શિક્ષણને એક વિષય તરીકે મુખ્ય વિષયો જેટલું મહત્વ આપતી ના હોવાની ફરિયાદો છે, માત્ર પરીક્ષાલક્ષી પદ્ધતિ અપનાવીને આ વિષય તરફ યોગ્ય લક્ષ અપાતું નથી. પુસ્તકમાંની વિગતોને આસપાસ સાથે સાંકળીને સમગ્રતયા પર્યાવરણ વિષયને વિદ્યાર્થીઓ સમજે તે આજની અનિવાર્યતા છે. આ જ ઉદ્દેશથી ગત શૈક્ષણિક વર્ષમાં, ઓગસ્ટ ૨૦૧૭ - માર્ચ ૨૦૧૮ દરમિયાન પર્યાવરણમિત્ર અને ગુજરાત વિદ્યાપીઠના આજીવન શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓને ગ્રીન કેટાલિસ્ટ (હરિત ઉદ્દીપક) તરીકે તૈયાર કરવા સયુંકત પ્રયાસ હાથ ધર્યો હતો.

"કુદરત પાસે આપણી જરૂરિયાતોને પોષવા પૂરતું છે, આપણી લાલચને નહી" ગાંધીજીના આ વાકયને આજની પેઢી યોગ્ય અર્થમાં સમજતી અને અપનાવતી થાય તે ઉદ્દેશ સાથે ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠના અમૂલ્ય વારસારૂપ હેરિટેજ ઈમારતમાં કાર્યરત આજીવન શિક્ષણ વિભાગે ગ્રીન કેટાલિસ્ટ કાર્યક્રમને નવો આયામ આપ્યો. પર્યાવરણમિત્રનો એક ગ્રીન કેટાલિસ્ટ કાર્યક્રમ અમદાવાદ અને આણંદની જુદી-જુદી કોલેજોના ચુનંદા વિદ્યાર્થીઓ સાથે ચાલ્યો જયારે તેની સમાંતરે જ આજીવન શિક્ષણ વિભાગ, ગુજરાત વિદ્યાપીઠના માનવ સંસાધન અનુસ્નાતક અભ્યાસક્રમના તમામ વિદ્યાર્થીઓ માટે ગ્રીન કેટાલિસ્ટ (બેચ-૨) નામથી પર્યાવરણ શિક્ષણની વિવિધ પ્રવૃતિઓ થઇ.

ગ્રીન કેટાલિસ્ટ @ આજીવન શિક્ષણ વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ

આ કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશો હતા,

- વિદ્યાર્થીઓને ગ્રીન કેટાલિસ્ટ (હરિત પરિવર્તનના પ્રહરી) તરીકે તૈયાર કરવા – તેઓને પર્યાવરણ વિષયની ખાસ તાલીમો દ્વારા સુસજ્જ કરવા. જેથી તેઓ બહોળા સમુદાય સુધી પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમો લઇ જાય.
- વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં જે-તે અભ્યાસક્રમમાં પર્યાવરણ શિક્ષણને યોગ્ય મહત્વ અપાય. માત્ર પરીક્ષાલક્ષી અભિગમ ના રહે તે માટે ઉદાહરણરૂપ બનવું.
- વિદ્યાર્થીઓમાં પર્યાવરણ રક્ષણ માટે સંવેદનશીલતા આવે. વ્યાપક રીતે પ્રશ્નને સમજવાની સક્ષમતા કેળવાય.
- પર્યાવરણ પ્રશ્નોને ઓળખવામાં વિદ્યાર્થીઓ પહેલ કરે અને સ્થાનિક પર્યાવરણીય પ્રશ્નોના ઉકેલ તરફની પ્રક્રિયાને નેતૃત્વ પૂરું પાડે.

ગ્રીન કેટાલિસ્ટ (બેચ-૨) ની સફરના મુખ્ય પડાવો

૧. વિદ્યાર્થીઓના ક્ષમતાવર્ધન માટે પર્યાવરણીય

તાલીમ કાર્યક્રમો - આ કાર્યક્રમમાં જોડાયેલ વિદ્યાર્થીઓ પર્યાવરણીય બાબતો અંગે માહિતગાર બને તે માટે ચાર એક દિવસીય તાલીમ કાર્યક્રમો યોજાયા હતા.

તાલીમ કાર્યક્રમોમાં સમાવિષ્ટ વિષયો

A. આપણું પર્યાવરણ - 21 સપ્ટેમ્બર 2017

- આપણું પર્યાવરણ – સહિયારી સંપત્તિ, સહિયારી જવાબદારીઓ
- પ્રદૂષણ - પ્રકાર, કારણો, અસરો, ગુજરાતની પ્રદૂષણની સ્થિતિ - ઔદ્યોગિક પ્રદૂષણ અને અન્ય સંબંધિત બાબતો
- પર્યાવરણીય સંરક્ષણ - બંધારણીય અને કાયદાકીય જોગવાઈઓ, રાજ્ય / રાષ્ટ્રીય સ્તરે પર્યાવરણીય સંરક્ષણ માટે માળખું
- પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-ભૂમિકા અને જવાબદારીઓ - પર્યાવરણ સંમતિ / શરતોનું પાલન

B. પર્યાવરણીય વ્યવસ્થાપનની અગત્યતા - 10 નવેમ્બર 2017

- વેસ્ટ મેનેજમેન્ટ – કોમન વેસ્ટ ટ્રીટમેન્ટ સવલતો (સીઈટીપી, ટીએસડીએફ), જોખમી કચરાનું વ્યવસ્થાપન
- ઈ-વેસ્ટ વ્યવસ્થાપન
- ઔદ્યોગિક એકમો સંબંધિત પર્યાવરણીય નિયમો અને નિયમનો, કામદારોના સલામતીના મુદ્દાઓ અને નજીકના વિસ્તારમાં રહેતા લોકોની સુરક્ષાની જોગવાઈઓ

C. પર્યાવરણ જતનના સંદેશાને પ્રસરાવવો - 5 ડિસેમ્બર 2017

- ગુજરાતની પર્યાવરણીય સમસ્યાઓ
- ગ્રીન કેટાલિસ્ટની ભૂમિકા - વિવિધ માધ્યમો દ્વારા પર્યાવરણની જાગૃતતા (લોકો સુધી પહોંચવું), જાગૃતિ ફેલાવવી, સમુદાય, સંસ્થાઓ, ઉદ્યોગોમાં પર્યાવરણ જાગૃતિનો સંદેશો પ્રસરાવવાના રસ્તાઓ

D. જૈવ વિવિધતાથી મૌસમ પરિવર્તન સુધી - 6 ડિસેમ્બર 2017

- જૈવવિવિધતા
- આબોહવા પરિવર્તન - વૈશ્વિક સમસ્યા, સ્થાનિક પગલાઓ
- **SDG** - સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ
- પર્યાવરણના સામાજિક-આર્થિક-રાજકીય પરિમાણો.

આ ઉપરાંત, કુદરતી આફત અને પર્યાવરણ પર તેની અસર વિષે ખાસ સત્રનું આયોજન ૨૩ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ કરાયું હતું. જેના આધારે વિદ્યાર્થીઓએ પૂરગ્રસ્ત બનાસકાંઠા જીલ્લાના ગામોની પર્યાવરણીય પરિસ્થિતિની માહિતી એકત્રિત કરવાનું પ્રાયોગિક કાર્ય ક્ષેત્રકાર્ય મુલાકાત દરમિયાન હાથ ધરીને તેનો અહેવાલ તૈયાર કર્યો હતો.

૨. વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણીય જાગૃતિ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સાથે તેમજ અન્ય સંસ્થાનોમાં પર્યાવરણીય જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

- **ઓઝોન દિન નિમિતે ચિત્ર અને નિબંધ સ્પર્ધાનું આયોજન - (૨૨ સપ્ટેમ્બર ૨૦૧૭)**

ગુજરાત વિદ્યાપીઠના અમદાવાદ, રાંધેજા અને સાદરા પરિસરની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ સામેલ થયા.

- **પ્લાસ્ટિક પ્રદૂષણને નાથવાના સોગંદપત્ર પર હસ્તાક્ષર ઝુંબેશ (માર્ચ-એપ્રિલ ૨૦૧૮)**

પોસ્ટરો અને વ્યક્તિગત સંવાદ દ્વારા વિદ્યાપીઠ સંકુલના તમામ વિભાગો અને છાત્રાલયમાં એક અભિયાન હાથ ધર્યું અને પ્લાસ્ટિક પ્રદૂષણને નાથવાના

સોગંદપત્ર પર સૌના હસ્તાક્ષર લીધા.

અભ્યાસક્રમ અંતર્ગત તાલીમ માટે વિદ્યાર્થીઓ જે વ્યવસાયિક એકમોમાં જતા હતા ત્યાં પણ આ ઝુંબેશને વિસ્તારવામાં આવી હતી.

- **વિશ્વ વન દિન – નિષ્ણાતોનું સંબોધન (૨૧ માર્ચ ૨૦૧૮)**

વિદ્યાપીઠ સંકુલમાં લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓ સાથે જાગૃતિ કાર્યક્રમ યોજાયો.

- **વિશ્વ જળ દિન - પૃથ્વી પરનું પાણી બચાવવા કુદરતી ઉપાયો અપનાવો (૨૨ માર્ચ ૨૦૧૮)**

વિદ્યાપીઠ સંકુલમાં શિક્ષણ મહાવિદ્યાલય ખાતે જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરાયો

- **હવામાનને જાણીએ, આબોહવાને પારખીએ - વિશ્વ હવામાન દિવસની ઉજવણી (૨૩ માર્ચ ૨૦૧૮)**

વિદ્યાપીઠ સંકુલમાં પ્રાર્થનાસત્ર દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા આ વિષય સંદર્ભે માહિતી અપાઈ.

- **''અર્થ અવર'' ની વૈશ્વિક ઉજવણીમાં સામેલગીરી (૨૪ માર્ચ ૨૦૧૮)**

વિદ્યાપીઠ સંકુલમાં પ્રાર્થનામાં વિદ્યાર્થીઓ દ્વારા માહિતી અપાઈ અને છાત્રાલયમાં જાગૃતિ બેઠકો યોજાઈ. એક કલાક માટે પરિસરમાં વીજળી બંધ રખાઈ.

અભ્યાસક્રમ અંતર્ગત તાલીમ માટે વિદ્યાર્થીઓ જે વ્યવસાયિક એકમોમાં જતા હતા ત્યાં પણ આ ઝુંબેશને વિસ્તારવામાં આવી હતી.

- **''કચરાનું યોગ્ય વ્યવસ્થાપન ટકાઉ વિકાસનો માર્ગ''**

ગુજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગોના ૬૦ વિદ્યાર્થીઓ આ કાર્યશાળામાં સહભાગી બન્યા હતા. કચરાના વ્યવસ્થાપન માટેનો એક્શન પ્લાન બનાવાયો.

૩. લેખ/પ્રવૃત્તિ અહેવાલ

- તાલીમ કાર્યક્રમોના અહેવાલ અને જાગૃતિ કાર્યક્રમોના અહેવાલો વિદ્યાર્થીઓએ તૈયાર કર્યા હતા, જે સમગ્ર વર્ષ દરમિયાન પર્યાવરણમિત્ર સામયિકમાં પ્રસિદ્ધ થયા હતા.
- બનાસકાંઠા જીલ્લાના ગામોની પૂરને કારણે બદલાયેલી પર્યાવરણીય પરિસ્થિતિ અંગેનો અહેવાલ વિદ્યાર્થીઓએ તૈયાર કર્યો હતો.
- પર્યાવરણના જુદા-જુદા ઘટકો અંગેનું એસાઈનમેન્ટ લખીને તેનું પ્રસ્તુતિકરણ કર્યું હતું. આ પૈકી ચુનંદા લેખનને તાલીમ સાહિત્ય તરીકે વિકસાવવામાં આવ્યું હતું.
- તાલીમ દરમિયાન સંદર્ભ સાહિત્યનુ સંકલન કરીને માર્ગદર્શિકા તૈયાર કરાઈ છે.
- પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમો માટે પોસ્ટર જુદા-જુદા વિષયો પર જૂથમાં વિદ્યાર્થીઓએ પોસ્ટર બનાવ્યા હતા.

આ સમગ્ર સફરમાં આજીવન શિક્ષણ વિભાગના નિયામક ડૉ. સંધ્યાબેન ઠાકર અને પર્યાવરણમિત્રના નિયામક શ્રી મહેશભાઈ પંડયાનો પ્રોત્સાહક સહયોગ મળ્યો છે. આ સમગ્ર કાર્યક્રમના સંયોજનની જવાબદારી ફાલ્ગુની જોષી અને આજીવન શિક્ષણ વિભાગના પ્રાધ્યાપક સુશ્રી શેતલ બડોદીયાએ સંભાળી.

ગ્રીન કેટાલિસ્ટ તરીકે જોડાયેલા આ સૌ વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ આગળના પડાવ તરફ પર્યાવરણના પ્રહરી બનવાની પ્રતિજ્ઞા સાથે આગળની સફરે નીકળ્યા છે. તેઓ પોતાના સંપર્કમાં આવનારા અન્યોને પણ આ સફરમાં સાંકળતા રહેશે, પર્યાવરણ રક્ષાના કામમાં વધુ ને વધુ લોકોને જોડતા રહેશે.

(લેખન : ફાલ્ગુની જોષી અને શેતલ બડોદીયા)

વિકાસની વિકરાળતા અને આદિવાસીઓની કરુણ દાસ્તાન

The Burning Froest: India's war in Bastar પુસ્તકના ગુજરાતી નવસર્જનનું લોકાર્પણ

પર્યાવરણના ઘટકો અને તેમનો એકબીજા સાથેનો સંબંધ અનન્ય છે પણ આર્થિક ગણતરીઓ આ સંબંધને તોડી-મરોડીને વંચિતોને વધુ વંચિત કરે છે. દુનિયાભરમાં જ્યાં-જ્યાં આદિવાસીઓ વસે છે ત્યાં જંગલ સાચવી રહ્યા છે અને સાથોસાથ વિકાસના નામે અત્યાચારો પણ સહે છે, વિકાસ પ્રોજેક્ટો માટે આદિવાસીઓ પાસેથી જમીન છીનવાય છે, માઈનીંગ માટે, ઉદ્યોગો માટે, માળખાકીય સુવિધાઓ માટે કે અન્ય હેતુ માટે અલગ-અલગ રસ્તા અપનાવીને જમીન છીનવવાની દાસ્તાન શરુ થાય છે. બસ્તરના આદિવાસીઓની લડતનો પરિચય આપતું પુસ્તક The Burning Froest: India's war in Bastar લેખિકા નંદિની સુંદરે લખ્યું છે. ખનીજોનો ભંડાર ગણાતા બસ્તર વિસ્તારમાં વર્ષ ૨૦૦૫ થી અનેક લોકોએ જીવ ગુમાવ્યા, "સાલવા જુદમ" ના નામે થયેલ સંહાર ઉપરાંત અનેક બીજા પરિબળો લેખિકાએ પુસ્તકમાં સમાવ્યા છે. આ વિસ્તારમાં સરકાર, માઓવાદીઓ, સ્થાનિકો અને માનવ અધિકાર કાર્યકર્તાઓની ભૂમિકાની વાત તેમણે કરી છે. પર્યાવરણીય સંપતિ, સ્થાનિકોના અધિકારો, રાજ્યની ભૂમિકા આ બધા વિષે પણ વાત મૂકી છે. આ પુસ્તક જાતે જોયેલી પરિસ્થિતિને આધારે આલેખાયું છે, લેખિકાએ પીટીશનર તરીકે અદાલત સુધી આ વાત પહોચાડી અને ન્યાયની પોકાર લગાવી.



આ પુસ્તકનો પરિચય માર્ચ ૨૦૧૭ થી મે ૨૦૧૮ સુધી ભૂમિપુત્રમાં ૧૬ લેખો દ્વારા અપાયો અને આ પુસ્તકને ગુજરાતી વાચકો માટે ઉપલબ્ધ કરાવવું જરૂરી લાગ્યું. વર્તમાન પ્રવાહોને આલેખીને આ પુસ્તકનું નવસર્જન કરવાની જવાબદારી શ્રી રજનીભાઈ દવેએ સંભાળી. ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ગુજરાત વિદ્યાપીઠ ખાતે આ પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ યોજાઈ ગયો. મૂળ અંગ્રેજી પુસ્તકના લેખિકા સુશ્રી નંદિની સુંદરની હાજરીમાં આ કાર્યક્રમ યોજાયો જેમાં ખૂબ મોટી સંખ્યામાં વિવિધ ક્ષેત્રના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના સંવેદનશીલ અને પ્રગતિશીલ સામયિકોના સંપાદકો અને નિસ્બત ધરાવનારા વિચારકો-બુદ્ધિજીવીઓ હાજર રહ્યા હતા. શ્રી પ્રકાશભાઈ શાહ, શ્રી ઘનશ્યામભાઈ શાહ, શ્રી ચંદુ મહેરિયા, શ્રી રોહિતભાઈ શુક્લાએ ઉપસ્થિતોને પુસ્તકનો પરિચય સુપેરે કરાવ્યો હતો. સુશ્રી નંદિની સુંદરે પોતાના અનુભવો જણાવ્યા હતા.

પુસ્તક મેળવવા માટે સંપર્ક :

યજ્ઞ પ્રકાશન

હિંગળાજ માતાની વાડીમાં,

હુજરાતપાગા, વડોદરા-૩૯૦૦૧.

ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭

મહાત્મા ગાંધી : પર્યાવરણ અને ટકાઉ વિકાસ

સત્યનારાયણ સાહુ



ગાંધીજીએ કહ્યું હતું કે આધુનિક શહેરી સંસ્કૃતિમાં જ તેના વિનાશના બીજ છે. "Our Common Future" નામે ૧૯૮૭માં બ્રુટલેન્ડ કમિશને રજૂ કરેલ અહેવાલથી ઘણા વર્ષો પહેલા મહાત્મા ગાંધીજીએ ટકાઉ અને નિરંતર વિકાસની વાત ઉલ્લેખી હતી. વિકાસ માટે સતત વધતી અપેક્ષાઓ અને જરૂરિયાતોને આધીન આધુનિક સભ્યતાના જોખમો સામે તેમણે ધ્યાન દોર્યું હતું . ''હિંદ સ્વરાજ'' પુસ્તકમાં તેઓએ સતત થઇ રહેલી શોધોના કારણે તૈયાર ઉત્પાદનો અને સેવાઓને ખતરો કહ્યા હતા. તેમના મતે અસલી સભ્યતા કે સંસ્કૃતિ આપણા કર્તવ્યોનું પાલન કરવામાં અને નૈતિક આદર્શોનું આચરણ કરવામાં છે. તેમનો દ્રષ્ટિકોણ એ હતો કે, લાલચ અને આવેગ પર અંકુશ હોવો જોઈએ. ટકાઉ અને કાયમી વિકાસનું કેન્દ્રબિંદુ સમાજની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવાનુ હોવું જોઈએ. આ અર્થમાં તેમનું પુસ્તક ''હિંદ સ્વરાજ'' ટકાઉ વિકાસનું 'ઘોષણાપત્ર' ગણી શકાય.

વાયુ પ્રદૂષણ અને ગાંધી

યોગ્ય ઉપાયો દ્વારા વાયુ પ્રદૂષણને રોકવું એ ટકાઉ વિકાસનું આવશ્યક પાસું છે. અહી ધ્યાનમાં લેવા જેવી બાબત એ છે કે, મહાત્મા ગાંધી જ્યારે ૧૯૧૩માં દક્ષિણ આફ્રિકામાં તેમના પ્રથમ સત્યાગ્રહ આંદોલનનું નેતૃત્વ કરી રહ્યા હતા ત્યારે તેમણે અનુભવ્યું કે, આધુનિક સમાજને સ્વચ્છ હવા મળવી જોઈએ. તેમનો એક લેખ 'Key to Health' (આરોગ્યની ચાવી) માં ચોખ્ખી હવાની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો, ચોખ્ખી હવા પર એક અલગથી પ્રકરણ છે જેમાં કહેવાયું છે કે, શરીરને ત્રણ પ્રકારના પ્રાકૃતિક પોષણ - હવા, પાણી અને ખોરાકની જરૂરિયાત હોય છે. પરંતુ, ચોખ્ખી હવા એ સૌથી વધારે જરૂરી છે. તેઓ કહે છે કે, પ્રકૃતિએ આપણી જરૂરિયાત મુજબ પૂરતી હવા મફતમાં આપી છે. પરંતુ, તેમને દુઃખ એ હતું કે, આધુનિક સભ્યતાએ તેની પણ કિંમત નક્કી કરી દીધી છે. આજથી ૧૦૦ વર્ષ પહેલા ૧ જાન્યુઆરી, ૧૯૧૮માં અમદાવાદમાં એક બેઠકને સંબોધિત કરતી વખતે ગાંધીજીએ ભારતની આઝાદીના ત્રણ મુખ્ય તત્વો હવા, પાણી અને ખોરાકને આઝાદીના ઘટક તત્વોના રૂપમાં વ્યાખ્યાયિત કર્યા હતા. તેઓએ ૧૯૧૮માં જે કહ્યું હતું અને કર્યું હતું તેને અદાલત આજે જીવનના અધિકાર તરીકે, કાનૂની વ્યાખ્યા કરીને શુદ્ધ હવા, પાણી અને ખોરાકના અધિકારના રૂપમાં વ્યાખ્યાયિત કરી રહી છે.



૧૯૩૦ના દાયકામાં, તેમણે લોકશાહીને વ્યાખ્યાયિત કરતા કહ્યું હતું કે તે તમામ નાગરિકોને

સ્વચ્છ હવા અને પાણી પૂરું પાડશે. ૧૦૦ વર્ષ પહેલાના ભારતની સ્વતંત્રતા અને લોકશાહી માટેના ગાંધીના આ વિચારો આજે પણ, ૨૧મી સદીમાં પણ, પ્રસ્તુત છે.

ટકાઉ જીવન માટે દ્રષ્ટિકોણમાં બદલાવ જરૂરી

મહાત્મા ગાંધીના ઘણા નિવેદનો છે જે ટકાઉ વિકાસ માટે વિશ્વ વ્યાપી અભિગમ તરીકે ટાંકવામાં આવે છે. યુરોપિયન સંઘના સંદર્ભમાં તેમના નિવેદનની આજે સમગ્ર માનવ સમાજને આવશ્યકતા છે. તેમણે ૧૯૩૧માં લખ્યું હતું કે, "ભૌતિક સુખ-સુવિધાના સાધનોનું ઉત્પાદન અને તેની શોધ કરવાનું ચાલુ રાખવું એ પોતેજ પોતાના પગે કૂહાડી મારવા જેવું છે."

તેમણે કહ્યું હતું કે મને કહેવાની હિંમત છે કે યુરોપિયન લોકોએ તેમના વિચારો પર ફરીથી વિચાર કરવો પડશે. આ તેમને મોટા પાયે નુકસાન પહોંચાડશે અને તેઓ આરામદાયક જીવનના ગુલામ બની જશે. ખરેખર, યુરોપિયન લોકો હવે ગાંધીજીની વાતો સાંભળી રહ્યા છે. કેટલાક બ્રિટીશ નાગરિકોના દૃષ્ટિકોણથી પણ આ સ્પષ્ટ થાય છે, જેમણે સરળ જીવન જીવવા માટે ઊર્જા અને ભૌતિક સંસાધનો પર તેમની નિર્ભરતા ઘટાડી છે. તેઓએ શૂન્ય ઊર્જા એકમની સ્થાપના કરી છે, આ એક એવી પદ્ધતિ છે જે લંડનમાં એક હાઉસિંગ સોસાયટી દ્વારા ચલાવવામાં આવી રહી છે. સોસાયટીના પ્રવેશ દ્વાર પર લખાયું છે કે, યુકેમાં એક વ્યક્તિ જેટલી ઉર્જાનો વપરાશ કરે છે તેટલી ઊર્જા જો દુનિયાનો દરેક વ્યક્તિ વાપરે તો દરેકની જરૂરિયાત પૂરી કરવા માટે પૃથ્વી જેવા ત્રણ ગ્રહોની જરૂર પડશે. ગાંધીજીએ આઠ દસકા પહેલા લખ્યું હતું કે, જો ભારત વિકાસ માટે પશ્ચિમી મોડલ અપનાવશે તો તેને તેની જરૂરિયાતો પૂરી કરવા અલગ પૃથ્વીની જરૂર પડશે. લંડનની આ હાઉસિંગ સોસાયટીના લોકો કોઈપણ પર્યાવરણના આંદોલનમાં જોડાયા નથી. તેઓ જુદા-જુદા કામો તથા વ્યવસાયોમાં જોડાયા છે. અંતે, આ બધું જીવન કેન્દ્રિત વર્ગનો ભાગ છે. આ લોકો જરૂરિયાત અને ઉત્પાદનના દ્રષ્ટિકોણથી બીજાથી અલગ બને છે. દૂરના સ્થળેથી વસ્તુઓ લાવવામાં અને તેના પર નિર્ભર રહેવામાં ઘણી ઉર્જા વપરાય છે અને મોટી માત્રામાં કાર્બન ડાયોક્સાઈડ તથા ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન થાય છે એટલા માટે તેઓએ નજીકના વિસ્તારમાં ઉપલબ્ધ વસ્તુઓનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે. યુકેમાં ક્લાયમેટ અર્થશાસ્ત્ર અંગેના નિકોલસ સ્ટર્ન સમિતિના અહેવાલમાં ગ્રીનહાઉસ વાયુઓના મર્યાદિત ઉપયોગની સાથે-સાથે જીવનશૈલીમાં બદલાવ કરીને કાર્બન કેન્દ્રિત અર્થવ્યવસ્થાથી અકાર્બન અર્થવ્યવસ્થા તરફ વળવા ભાર મૂકાયો છે.

ગાંધીજીએ ઘણી વખત લખ્યું છે કે, મનુષ્ય જ્યારે પોતાની ભૌતિક સુવિધાઓ કે જરૂરિયાતો પૂરી કરવા માટે ૧૫ થી ૨૦ કી.મી. કરતા વધારે દૂરના સ્થાનો પરના સંસાધનોનો ઉપયોગ કરશે તો પ્રાકૃતિક અર્થવ્યવસ્થા નષ્ટ થશે. તેમના સ્વદેશી વિચારો, ખાસ કરીને, "પ્રાકૃતિક અર્થવ્યવસ્થા" ના વિચારોના માધ્યમથી કુદરત પ્રત્યેની તેમની ઊંડી સમજ તથા સંવેદનશીલતાને જાણી શકાય છે.

સંસાધનો પર સામાન્ય લોકોનો અધિકાર

આપણે બધા ગાંધીજીની ૧૯૩૦ની ઐતિહાસિક દાંડીયાત્રાથી પરિચિત છીએ જેના આધારે ગાંધીજીએ પ્રાકૃતિક સંસાધનો પર સામાન્ય લોકોના અધિકારો પર ભાર મૂક્યો. મીઠું એ મહત્વપૂર્ણ જરૂરિયાત છે. બ્રિટિશ સામ્રાજ્ય આવા સંસાધનો પર પોતાનો અધિકાર જતાવતો અને ખરેખરા માલિકી ધરાવનારાઓને તેનાથી વંચિત રખાતા હતા. આવા જરૂરી અને

આવશ્યક સંસાધનોથી સામાન્ય લોકોને દૂર રાખવા એ બ્રિટિશરોની અસ્થિર વિકાસની નીતિનો ભાગ હતો. મીઠાનો સવિનય કાનૂન ભંગ અને સામાન્ય લોકોને મીઠું બનાવવાનો અધિકાર આપીને સશક્ત બનાવવાનું કાર્ય એ ટકાઉ વિકાસનો કેન્દ્રિય મુદ્દો છે. દાંડીયાત્રા પૂર્ણ થયા પછી ગાંધીજીએ કહ્યું કે, "દાંડીયાત્રાનો ઉદ્દેશ ભારતની આઝાદીથી આગળ વધીને દુનિયાને ભૌતિકવાદના રાક્ષસી ચૂંગાલથી મુક્ત કરવાનો છે." આ એક મહત્વપૂર્ણ નિવેદન છે જેમાં લાલચ આધારિત આધુનિક સભ્યતાની આલોચનાની સાથે ટકાઉ વિકાસ પર ભાર મૂકાયો હતો.

રચનાત્મક રીતે અહિંસાત્મક પ્રવૃત્તિઓની વ્યાખ્યા કરતાં ગાંધીજીએ સાંપ્રદાયિક સદ્ભાવની સાથે સાથે અન્ય બાબતો પર પણ ભાર મૂક્યો જેમ કે, આર્થિક સમાનતા, અસ્પૃશ્યતા નિવારણ, લોકોના જીવનનો પ્રગતિશીલ સુધાર, મહિલાઓનો મતાધિકાર, સફળ અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની પદ્ધતિમાં સુધારો. આમાં ધ્યાન કેન્દ્રિત કરતી બાબત એ છે કે, આમાંથી મોટા ભાગના મુદ્દાઓ રિયો શિખર સંમેલનના એજન્ડા - ૨૧નું અભિન્ન અંગ છે, જે ટકાઉ વિકાસ માટે એક બ્લૂ પ્રિન્ટ છે.

ગાંધીજીની ચેતવણી

આધુનિક સભ્યતાની કેટલીક વિશેષતા પૈકીની એક વિશેષતા એ છે કે, ઝડપને વધારવા માટે મોટરકાર અને વિમાનોની સંખ્યા સતત વધતી જઈ રહી છે. જોસેફ સ્ટિજલિટઝને તેમના પુસ્તક 'મેકિંગ ગ્લોબલાઈઝેશન વર્ક'માં લખ્યુ છે કે, ૮૦% ગ્લોબલ વોર્મિંગ હાઈડ્રોકાર્બન અને ૨૦% જંગલો નાશ થવાના કારણે થાય છે. દરેક જાણે છે કે, મોટરકારોની વધતી જતી સંખ્યા પર્યાવરણ માટે કેટલી જોખમી છે. ૧૯૩૮માં ગાંધીજીએ જણાવ્યું હતું કે, અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ ઈચ્છે છે કે, તેમના દેશના દરેક નાગરિક પાસે બે મોટરકાર અને બે રેડિયો સેટ હોય. આ વિષે ગાંધીજીએ એમ કહીને પ્રતિક્રિયા આપી કે અગર દરેક ભારતીય પરિવારમાં એક કાર હશે તો રસ્તા પર ચાલવાની જગ્યા ઓછી પડશે, સાથે સાથે એમ પણ કહ્યું કે, જો ભારતીય એક મોટરકાર રાખે તો પણ તે સારું કાર્ય નહિ હોય. દાંડીયાત્રા દરમ્યાન કેટલાક લોકોએ મોટરકારનો ઉપયોગ કર્યો ત્યારે ગાંધીજીએ કહ્યું કે નિયમ હોવો જોઈએ કે જો ચાલી શકતા હોય તો મોટર કારથી બચવું. આજે કેટલાક યુરોપિયન દેશોમાં કેટલાક મહત્ત્વના વિસ્તારોમાં મોટરકારોના પ્રવેશ પર ટેક્સ લેવામાં આવે છે કેમ કે, પ્રદૂષણ ઓછું કરી શકાય. કેટલાક દેશોમાં કાર ફ્રી દિવસ મનાવાય છે. તો ઓડ અને ઈવન પદ્ધતિ અપાનાવી રસ્તાઓ પર મોટરકારોની સંખ્યા ઘટાડવાનો પ્રયાસ થાય છે. વધારે મોટરકારો રાખવાથી થતા નુકસાન પર ગાંધીજીએ જે ચેતવણી આપી હતી તેને આજે આખું વિશ્વ અનુભવી રહ્યું છે.

પાણીની જાળવણી માટે જળસંચય અને વનીકરણ અંગે ગાંધીજીના વિચાર

દુષ્કાળ અને ઘટતા જતા પાણીના સંદર્ભે ગાંધીજીના વિચારો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આઝાદીના સંઘર્ષ દરમ્યાન કાઠિયાવાડ વિસ્તારમાં પડતા દુષ્કાળોથી ગાંધીજી ખૂબ જ ચિંતિત હતા. ઘટતા પાણીના મુદ્દે દરેક રિયાસતોને તેમણે સલાહ આપી હતી કે દરેકે એક જૂથ થઈને લાંબાગાળાનો ઉપાય કરવો જોઈએ અને ખુલ્લી જમીન પર વૃક્ષો ઉગાડવા જોઈએ. તેઓએ મોટા પ્રમાણમાં વૃક્ષોને કાપવા સામે વિરોધ કર્યો હતો. આજે ૨૧ મી સદીમાં ગાંધીજીની આ વાત ખૂબ જ વધારે મહત્ત્વની બની ગઈ છે. અંગ્રેજો જંગલોને ધન કમાવવાનું સાધન સમજતા હતા. સાથે સાથે ગાંધીજીએ વરસાદી પાણીના સંચય પર પણ ભાર મૂક્યો હતો.

જર્મનીની ગ્રીન પાર્ટીના મૂળમાં ગાંધીજીના વિચારો અને દ્રષ્ટિકોણ સમાયેલો છે.

ગ્રીન પાર્ટીના સ્થાપકોમાંના એક પેટ્રા કેલીએ પાર્ટીની સ્થાપનામાં મહાત્મા ગાંધીના વિચારોના પ્રભાવને સ્વીકાર કરતાં લખ્યું છે કે, અમે મહાત્મા ગાંધીની કામ કરવાની પદ્ધતિથી ખૂબ જ પ્રેરિત થયા છીએ. અમારી ધારણા છે કે, અમારી જીવનશૈલી એવી હોવી જોઈએ કે, અમને સતત ઉત્પાદન માટે કાચો માલ મળતો રહે અને તેનો ઉપયોગ કરતા રહીએ. સ્થાનિક સ્તરે મળતા કાચા માલના ઉપયોગથી ઈકોલોજી આધારિત જીવનશૈલીનો વિકાસ થશે.

અહિંસા અને સરળ જીવનશૈલીથી પૃથ્વીને બચાવી શકાય છે

પ્રો. હર્બટ ગિરર્ડેટ દ્વારા સંપાદિત પુસ્ત "સર્વાઈવીંગ ધ સેન્ચૂરી : ફેસિંગ કલાયમેટ કે ઓસ એન્ડ અધર ગ્લોબધ ચેલેન્જીસ" માં ચાર મુખ્ય સિદ્ધાંતો - અહિંસા, સ્થિરતા, સમાનતા અને ન્યાયને પૃથ્વીને બચાવવા માટે જરૂરી ગણવામાં આવ્યા છે. ધીરે ધીરે પૂરી દુનિયા ગાંધીજી અને તેમના વિચારોને - સિધ્ધાંતોને માની રહી છે અને સ્વીકારી રહી છે. જે કાયમ ગાંધીજીના જીવન અને કાર્યમાં કેન્દ્ર સ્થાને રહ્યા છે. ધ ટાઈમ મેગેઝીને ૯ એપ્રિલ, ૨૦૦૭ના અંકમાં દુનિયાને ગ્લોબલ વોર્મિંગથી બચવાના ૫૧ ઉપાયો લખ્યા. જેમાં, ૫૧મો ઉપાય ઓછો વપરાશ, વધારે ઉપયોગ અને સાદું જીવન હતો. બીજા શબ્દોમાં કહીએ તો ટાઈમ મેગેઝીન જેવી પશ્ચિમના દેશોની મહત્વની પત્રિકા પણ હવે ગ્લોબલ વોર્મિંગના જોખમોને રોકવા ગાંધીજીના રસ્તાઓ સ્વીકારવા કહી રહ્યું છે. આ બધી બાબતો બતાવે છે કે, પૃથ્વીને બચાવવા માટે ગાંધીજીના મૌલિક વિચારો કેટલા ઉંડા અને મહત્વપૂર્ણ છે. એટલા માટે જ ટકાઉ અને નિરંતર વિકાસ માટે ગાંધીજીના વિચારોને ફરીથી સમજવા દરેક ભારતીય માટે જરૂરી છે.

(સૌજન્ય : 'ડાઉન ટુ અર્થ' હિન્દી સામયિક)

(લેખક ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે.આર. નારાયણના પ્રેસ સચિવ તરીકે કાર્યરત હતા)

ગુજરાત વિધાનસભા પ્રશ્નોતરી (અનુસંધાન પાના નં.૧૦નું ચાલુ)

ક્લોઝર આપેલ એકમોની સંખ્યા :

ક્રમ	ઉદ્યોગનું નામ	લીધેલ પગલાં
૧.	મેસર્સ વિનાયક ટી.એમ.ટી. બાર્સ પ્રાઈવેટ લિમિટેડ	હવા અધિનિયમ-૧૯૮૧ની કલમ (૩૧) અ હેઠળ ક્લોઝર
૨.	મેસર્સ અમૃત ફુડ પ્રોડક્ટસ	પાણી અધિનિયમ ૧૯૭૪ હેઠળ ક્લોઝર

કચ્છ જિલ્લામાં પવનચક્કીઓથી વૃક્ષોને નુકસાન

પ્રશ્નકર્તા : શ્રી પ્રદ્યમુનસિંહ જાડેજા (અબડાસા)

પ્રશ્ન :

(૧) તા. ૩૧-૭-૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પવનચક્કીઓ દ્વારા વૃક્ષોને નુકસાન થઈ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા એકમો સામે શી કાર્યવાહી કરી ?

જવાબ :

(૧) હા જી,

(૨) કચ્છ જિલ્લામાં પવનચક્કીઓ દ્વારા વૃક્ષોને નુકસાન થવા બાબતની કુલ - ૫ જેટલી ફરિયાદો મળેલ છે. જેથી આ બાબતે સ્થાનિક સ્થળ તપાસ કરી અહેવાલ મોકલી આપવા મામલતદાર તથા જંગલખાતાને જણાવેલ છે. જે અહેવાલ મળ્યેથી નિયમોનુસાર સંબંધિત એકમો સામે કાર્યવાહી કરવામાં આવશે.

ગંગાનો લડવૈયો ચાલ્યો ગયો....

ગયા અંકમાં આપણે ડૉ. જી. ડી. અગ્રવાલ (સ્વામી જ્ઞાનસ્વરૂપ સાનંદ) ના આમરણાંત ઉપવાસની વાત કરી હતી. એ લેખ લખતા આશા હતી કે આ લડતનો સુખદ અંત આગામી અંકમાં પ્રકાશિત કરવાનું થશે પણ એ શક્ય ના બન્યું.

૧૧૧ દિવસના ઉપવાસના અંતે ડૉ. જી. ડી. અગ્રવાલ આ દુનિયા છોડી ગયા, પર્યાવરણના ઘટક તત્વોની રક્ષા કરવાની રાજયની ફરજ છે, રાજય આ ફરજમાં ઉણું ઉતર્યું છે, પર્યાવરણીય ગવર્નન્સના નામે કુદરતી સંસાધનો બગડતા રહ્યા છે, આ સ્થિતિમાં બદલાવ નહિ આવે તો કુદરતી અસમતુલા આપણને કોઈ બીજા સ્વરૂપે પરચો દેખાડશે એ ચોક્કસ છે.

પર્યાવરણ સુરક્ષાની અગત્ય આપણા શાસનકર્તાઓ ઐતહાસિક દ્રષ્ટિકોણને આધારે સમજે કે ભક્તિને આધારે કે પછી IPCC અહેવાલને આધારે – સમય આવી ગયો છે!

મૌસમ પરિવર્તન અને આપણે (અનુસંધાન પાના ૨૮થી ચાલુ)

ઓર્ગેનાઈઝેશન (WMO) દ્વારા નીતિ ઘડનારાઓને મૌસમ પરિવર્તન અંગેના વૈજ્ઞાનિક તથ્યો, અસરો અને ભવિષ્યના જોખમો અંગે નિયમિત રીતે જાણકારી આપે તેમજ આ અસરો સાથે અનુકૂલન સાધે અને જોખમ ઓછા કરવા (mitigation)અંગેની વ્યૂહરચનાઓ તૈયાર કરવામાં વૈજ્ઞાનિક અભિગમ પ્રસ્તુત કરે તે માટે રચાઈ. ૧૯૫ રાષ્ટ્રો તેના સભ્યો છે.

IPCC મૂલ્યાંકન અહેવાલો

IPCC દ્વારા તૈયાર કરાતા મૂલ્યાંકન અહેવાલો મૌસમ પરિવર્તનની આંતરરાષ્ટ્રીય વાટાઘાટોમાં મહત્વના બની રહે છે જે દરેક સ્તરની કલાયમેટ નીતિઓ તૈયાર કરવામાં રાષ્ટ્રોને વૈજ્ઞાનિક માહિતી આપે છે. આ અહેવાલોને તૈયાર કરવામાં મૌસમ પરિવર્તન અંગે દર વર્ષે પ્રકાશિત થતા હજારો વૈજ્ઞાનિક સંશોધનપત્રોને ચકાસાય છે, આ અહેવાલની દરેક સ્તરે તટસ્થતા અને પારદર્શકતાના અભિગમથી સમીક્ષા કરાય છે. IPCC પોતે કોઈ સંશોધન હાથ ધરતું નથી પણ વૈજ્ઞાનિકો વચ્ચે રહેલા મતભેદો અને વધુ સંશોધનની જરૂરિયાત સતત તપાસતું રહે છે. અત્યાર સુધી પાંચ મૂલ્યાંકન અહેવાલો પ્રકાશિત થઈ ચૂક્યા છે અને છઠ્ઠો અહેવાલ (AR6) વર્ષ ૨૦૨૨માં આવશે.

માત્ર બાર વ્યક્તિઓનો કાયમી સ્ટાફ ધરાવતી આ સંસ્થા દુનિયાભરના વિવિધ ક્ષેત્રના વૈજ્ઞાનિકો અને અધિકારીઓને ગતિશીલ બનાવે છે. આઈપીસીસીમાં ત્રણ કાર્યકારી જૂથો છે.

- કાર્યકારી જૂથ ૧ – મૌસમ પરિવર્તનનું ભૌતિક વિજ્ઞાન સાથે જોડાણ
- કાર્યકારી જૂથ ૨ – મૌસમ પરિવર્તનની અસર, અનુકૂલન અને જોખમો
- કાર્યકારી જૂથ ૩ – મૌસમ પરિવર્તનની અસરો ઘટાડવી

આ ઉપરાંત, ટાસ્ક ફોર્સ ઓન નેશનલ ગ્રીનહાઉસ ગેસ ઇન્વેન્ટરીઝ છે જે ઉત્સર્જન અને નિવારણને માપવા માટેની પદ્ધતિઓ વિકસાવે છે. વિશેષ અહેવાલો જરૂર અનુસાર તૈયાર કરવામાં આવે છે, જેમાં એક કરતાં વધુ કાર્યકારી જૂથ સહયોગ આપે છે.

IPCC ની કામગીરીની સરાહના અને આલોચના બંને થતા રહ્યા છે, માનવસર્જિત મૌસમ પરિવર્તનના વૈજ્ઞાનિક પાસાને રજૂ કરવા બદલ તેને ૨૦૦૭ના વર્ષમાં નોબેલ ઇનામ પણ મળ્યું હતું. ભારતસ્થિત એક વિજ્ઞાની તેના ભાગરૂપ હતા, જેઓ પાછળથી અન્ય વિવાદોમાં ઘેરાયા.સાથોસાથ IPCC અહેવાલો આઉટડેટેડ હોવાની આલોચના થાય છે, અસરો અંગે અતિશયોક્તિ ભરેલા નિવેદનો બદલ તેની ટીકા થઇ છે, પ્રકાશનોમાં રહેલી ભૂલોની સુધારણા માટે વ્યવસ્થા ના હોવાના આક્ષેપો પણ થયા છે. આમ છતાં, લોકોને, રાષ્ટ્રોના વડાઓને મૌસમ પરિવર્તનનો વૈજ્ઞાનિક અભિગમ દર્શાવવામાં તેની ભૂમિકા મહત્વની રહી છે. કલાયમેટ એક્શન નક્કી કરવામાં IPCC અહેવાલો નીતિ નિર્ધારકો માટે માર્ગદર્શક બને છે.

૧.૫ ડિગ્રી સેલ્સિયસ ગ્લોબલ વોર્મિંગ પર આઈપીસીસી સ્પેશિયલ રિપોર્ટ

વૈશ્વિક તાપમાનમાં ૧.૫ ડીગ્રી વધારો થતા શું પરિસ્થિતિ થશે – ખાસ કરીને ગ્રીનહાઉસ વાયુઓ

ઉત્સર્જનના સંદર્ભે આ ખાસ અહેવાલ છે. આ અહેવાલ કલાયમેટ ચેઇન્જના જોખમ, ટકાઉ વિકાસ અને ગરીબી નિવારણના પ્રયત્નોમાં વૈશ્વિક પ્રતિભાવને સુદ્રઢ બનાવવાની વાત કહે છે. આ અહેવાલ તૈયાર કરવામાં અનેક નિષ્ણાતોએ દિવસરાત એક કર્યા છે, ૪૦ દેશોના ૯૦ થી વધુ લેખકો અને સંપાદકોએ ૬૦૦૦ થી વધુ સંશોધનપત્રો અને ૪૨,૦૦૦ ટિપ્પણીઓની સમીક્ષા કરી હતી. આ કાર્યમાં ૧૩૩ સહયોગી લેખકો અને ૧૧૧૩ સમીક્ષકો પણ સામેલ હતા.

આ અહેવાલને જોતા પહેલો પ્રતિભાવ આવે કે – *"Science has spoken clear and loud"* – વિજ્ઞાનીઓએ દુનિયાને ચેતવણી આપી છે. હાલમાં થઇ રહેલા વૈશ્વિક પ્રયત્નો અપૂરતા છે, જોખમ વધી રહ્યું છે પણ આપણે સૌ સક્રિય બનીએ તો તાપમાન વધારાને અંકુશમાં રાખવો અશકય નથી.

અહેવાલના મુખ્ય મુદ્દાઓ

- આબોહવા પરિવર્તન, ટકાઉ વિકાસ અને ગરીબીને નાબૂદ કરવાના પ્રયત્નોના વૈશ્વિક પ્રતિભાવને મજબૂત કરવાના સંદર્ભમાં આ વિશિષ્ટ અહેવાલ છે જે પૂર્વ-ઔદ્યોગિક સ્તરોથી વૈશ્વિક તાપમાનમાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસ વધારો અને વૈશ્વિક ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન અંગે માર્ગરેખા દર્શાવે છે.

- આપણે વૈશ્વિક તાપમાનમાં એક ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાથી વધી રહેલી હવામાનની વિષમ ઘટનાઓ, સમુદ્રના સ્તરમાં વધારો, હિમશીલાઓનું પીગળવું અને અન્ય ફેરફારો આજે જોઈ-અનુભવી રહ્યા છીએ.
- વૈશ્વિક તાપમાનને ૨ ડીગ્રી સેલ્સિયસ કરતા ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવામાં આવે તો લોકો અને કુદરતી પર્યાવરણને સ્પષ્ટ લાભ સાથે વધુ ટકાઉ અને ન્યાયપૂર્ણ સમાજ સુનિશ્ચિત કરવાની વધુ શક્યતા છે.
- વૈશ્વિક તાપમાનને ૨ ડિગ્રી સેલ્સિયસના સ્થાને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરીને મૌસમ પરિવર્તનના અનેક જોખમો ટાળી શકાય તેમ છે જેમકે, વર્ષ ૨૧૦૦ સુધી દરિયાની સપાટીમાં થનારો ઘટાડો ૦.૧ મીટર ઓછો થશે જેના કારણે નાના ટાપુઓ અને નીચાણવાળા કિનારે વસતા લોકો અને ઈકોલોજીને સાનુકુળતા વધારવા સમય મળશે. દરિયાઈ જીવસૃષ્ટિ અને અન્ય પ્રજાતિઓને અસર થવાની પ્રક્રિયા ધીમી થશે. દરિયાઈ તાપમાન સંતુલિત થશે તો કોરલ રીફ સહિતની પ્રજાતિઓ માટે ખતરો ઘટશે.
- વૈશ્વિક તાપમાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસ વધવાથી આરોગ્ય, આજીવિકા, ખાદ્ય સુરક્ષા, પાણી પુરવઠો, માનવ સલામતી અને આર્થિક વિકાસ માટેના ક્લાયમેટ-સંબંધિત જોખમો વધશે - ૨ ડિગ્રી સેલ્સિયસથી આ જોખમોની સ્થિતિમાં વધુ ઉમેરણ થશે.
- ગ્લોબલ વોર્મિંગ માટે ૨ ડિગ્રી સેલ્સિયસની સરખામણીએ ૧.૫ ડિગ્રી સેલ્સિયસની અનુકૂલન જરૂરિયાતો ઓછી હશે. આબોહવાના જોખમોને ઘટાડી શકે તેવા અનુકૂલન વિકલ્પોની વિશાળ શ્રેણી છે. પણ, ૧.૫ ડિગ્રી સેલ્સિયસ વૈશ્વિક તાપમાન વધારા સાથે અમુક જીવસૃષ્ટિ માટે અનુકૂલન માટેની મર્યાદાઓ આવે છે.
- ૧.૫ ડિગ્રી સેલ્સિયસની કોઈ મર્યાદા લાદવામાં ના આવે તો વર્ષ ૨૦૩૦ સુધીમાં કાર્બન ડાયોક્સાઈડ (CO_2) ના વૈશ્વિક ઉત્સર્જનમાં ૨૦૧૦ ના સ્તરથી ૪૫ ટકા ઘટાડો કરવાની જરૂર પડે.
- વૈશ્વિક તાપમાનને ૨ ડિગ્રી સેલ્સિયસથી નીચે મર્યાદિત કરવા માટે, ૨૦૩૦ સુધી CO_2 ઉત્સર્જન આશરે ૨૦% ઘટાડવું પડે .
- વૈશ્વિક તાપમાનને અસ્થાયી ધોરણે ૧.૫ ડિગ્રી સેલ્સિયસથી ઓછું રાખવા માટે CO_2 દૂર કરવાની તકનીકો પર વધુ નિર્ભરતા રહેશે. આવી તકનીકોની અસરકારકતા મોટા પાયે બિનપ્રમાણિત છે અને કેટલીક તકનીકો ટકાઉ વિકાસ માટે જોખમી છે તેવું અહેવાલ નોંધે છે.
- જો ગ્લોબલ વોર્મિંગ ૨ ડિગ્રી સેલ્સિયસ કરતા ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત રહેશે તો મૌસમ પરિવર્તનની સંભવિત અસરો ઓછી કરી શકાશે તેમજ ટકાઉ વિકાસ, ગરીબી નાબૂદી અને અસમાનતા ઘટાડવા માટે શમન અને અનુકૂલન વ્યવસ્થા માટેનો સહકાર વધારે રહેશે.
- ગ્લોબલ વોર્મિંગને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત રાખવામાં રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે નાગરિક સમાજ, ખાનગી ક્ષેત્ર, મૂળ નિવાસીઓ અને સ્થાનિક સમુદાયોની મૌસમ પરિવર્તનની અસરો સામેની ક્ષમતાને મજબૂત બનાવવી.

- ટકાઉ વિકાસના સંદર્ભમાં, આંતરરાષ્ટ્રીય સહકાર એ તમામ દેશોમાં લોકોને સક્ષમ કરવા માટે એક સક્ષમ પરિબળ બની શકે છે. વિકાસશીલ દેશો અને નબળા વિસ્તારો માટે આંતરરાષ્ટ્રીય સહકાર એક નિર્ણાયક બાબત છે.
- આ રિપોર્ટ નીતિનિર્ધારકો અને વ્યવસાયિકોને સ્થાનિક સંદર્ભ અને લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મૌસમ પરિવર્તનને પહોંચી વળવા નિર્ણયો લેવા માટે જરૂરી માહિતી આપે છે.
- વૈશ્વિક તાપમાનને (ગ્લોબલ વોર્મિંગને) ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવા માટે સમાજના તમામ ક્ષેત્રોમાં ઝડપી, દૂરંદેશીભર્યા અભૂતપૂર્વ ફેરફારોની જરૂર પડશે.

આપણા અમદાવાદના સાથી શ્રી પ્રિયદર્શી શુક્લા જેઓ IPCC ના કાર્યકારી જૂથ-૩ના સહઅધ્યક્ષ તરીકેની જવાબદારી નિભાવે છે તેઓએ અગત્યની વાત કહી છે. - "ગ્લોબલ વોર્મિંગને ૨ ડિગ્રી સેલ્સિયસની તુલનાએ ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાથી ઈકોસિસ્ટમ, માનવ આરોગ્ય અને સુખાકારી પર પડકારરૂપ અસરો ઓછી થશે, જે યુનાઈટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને હાંસલ કરવાનું સરળ બનાવશે."

આઈપીસીસીના કાર્યકારી જૂથ-૩ ના સહ અધ્યક્ષ જિમ સ્કાએ એક આશા દર્શાવી છે કે "રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રના સિદ્ધાંતોની મદદથી વૈશ્વિક તાપમાનને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવું શક્ય છે પરંતુ આમ કરવા માટે અભૂતપૂર્વ ફેરફારો કરવા પડશે."

અંતે, IPCC કાર્યકારી જૂથ-૧ના સહઅધ્યક્ષ ફ્રેન્ચ કલાયમેટ વૈજ્ઞાનિક સુશ્રી વેલેરી મેસોન-ડેલમોટનો પ્રતિભાવ, જે કહે છે - "સારા સમાચાર એ છે કે ગ્લોબલ વોર્મિંગને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવા માટે કેટલાક પ્રકારના પગલાં લેવાની જરૂર પડશે તે પ્રયત્નો આપણે પહેલેથી જ શરુ કરી દીધા છે, આ પ્રયત્નોને વેગવંતા બનાવવાની જરૂર છે."

આ અહેવાલ એ નીતિ નિર્ધારકો અને વિજ્ઞાન વચ્ચેનો સેતુ છે.આજે આપણે જે નિર્ણયો લઈએ છીએ તે ભવિષ્યમાં સુરક્ષિત અને ટકાઉ વિશ્વની ખાતરી કરવા માટે નિર્ણાયક છે. આથી જ આગામી કેટલાક વર્ષો આપણા ઈતિહાસમાં સૌથી મહત્વપૂર્ણ છે તેમ કહી શકાય. આગામી કલાયમેટ કોન્ફરન્સ જે પોલેન્ડ ખાતે યોજાઈ રહી છે તે ખૂબ મહત્વપૂર્ણ બની રહેશે.

મૌસમ પરિવર્તન અને આપણે

દક્ષિણ કોરિયામાં ૧-૫ ઓક્ટોબર ૨૦૧૮ દરમિયાન ઈન્ટર ગવર્મેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (આઈપીસીસી) નું ૪૮મું સત્ર યોજાઈ ગયું અને આઠમી ઓક્ટોબરના રોજ SR15 તરીકે જાણીતો થયેલો ''૧.૫ ડિગ્રી સેલ્સિયસ'' ગ્લોબલ વોર્મિંગ પરનો ખાસ રીપોર્ટ (Special Report on Global Warming of 1.5 ºC) દુનિયા સમક્ષ રજૂ કરાયો, આ અહેવાલ તાજેતરના વર્ષોમાં મૌસમ પરિવર્તન વિશેનો સૌથી મહત્વપૂર્ણ અહેવાલ ગણાઈ રહ્યો છે.

ડીસેમ્બર ૨૦૧૫ માં યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક

ફાલ્ગુની જોષી

કન્વેન્શન ઑફ ક્લાઈમેટ ચેન્જ (UNFCCC) દ્વારા COP ૨૧ ના પેરિસ કરાર પછી IPCC ને વિશ્વના તાપમાનમાં 1.5ºC ના વધારા અંગે એક ખાસ અહેવાલ તૈયાર કરવાનું કહેવામાં આવ્યું. આ અહેવાલ આગામી ડીસેમ્બરમાં પોલેન્ડ ખાતે યોજાનાર COP ૨૪ દરમિયાન ''તાલોના સંવાદ'' માં પ્રસ્તુત કરાશે.

ઈન્ટર ગવર્મેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (IPCC)

વૈશ્વિક સ્તરે મૌસમ પરિવર્તનની લડાઈ માટે કાર્યરત મુખ્ય સંસ્થાઓ પૈકીની એક ઈન્ટર ગવર્મેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (IPCC) વિષે થોડી માહિતી જોઈએ – IPCC મૌસમ પરિવર્તનના વૈજ્ઞાનિક પાસા પર કાર્યરત સયુંકત રાષ્ટ્રસંઘની સંસ્થા છે, જે ૧૯૮૮ માં UN એન્વાયરોમેન્ટ અને વર્લ્ડ મીટરીઓલોજીકલ

(અનુસંધાન પાના નંબર ૨૪ પર)

પર્યાવરણ મિત્ર

('પર્યાવરણ મિત્ર'ના લેખોમાં વ્યક્ત થતા વિચારો સાથે સંપાદક મંડળ સહમત હોય તે જરૂરી નથી.)

પ્રકાશક :

પર્યાવરણ મિત્ર

502, રાજ એવન્યુ, ભાઈકાકા નગર રોડ, થલતેજ ચાર રસ્તા પાસે, અમદાવાદ-380 059.

ફોન : 26851321
ફેક્સ : 079-26851321
ઈ-મેઈલ : paryavaranmitra@yahoo.com
વેબસાઈટ : http://paryavaranmitra.org.in
મુદ્રક : મંજુ ટ્રેડર્સ, (મો) 98255 75447

બુક-પોસ્ટ

પ્રતિ,